બ્લોગ અને વેબસાઈટ પરથી સંકલન

# મીરાંબાઈના ભજનો

સંકલન : ભરતકુમાર એલ. ચૌહાણ



https://okanha.wordpress.com

# અખંડ વરને વરી

અખંડ વરને વરી સાહેલી, હું તો અખંડ વરને વરી.
ભવસાગરમાં મહાદુઃખ પામી, લખ ચોરાસી ફરી ... સાહેલી હું.

સંસાર સર્વે ભયંકર કાળો, તે દેખી થરથરી.
કુટુંબ સહોદર સ્વાર્થી સર્વે, પ્રપંચને પરહરી ... સાહેલી હું.

જનમ ધરીને સંતાપ વેઠ્યા, ઘરનો તે ધંધો કરી,
સંતજગતમાં મહાસુખ પામી, બેઠી ઠેકાણે ઠરી ... સાહેલી હું.

સદ્દગુરુની પૂરણ કૃપાથી, ભવસાગર હું તરી,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, સંતોના ચરણે પડી ... સાહેલી હું

- **મીરાંબાઈ**

# અબ તેરો દાવ લગો હૈ

અબ તેરો દાવ લગો હૈ,
ભજ લે સુંદરશ્યામ ... અબ તેરો

ગણિકા તારણ, વિષ ઓધારણ,
સબકે પૂરણ કામ ... અબ તેરો.

પ્રભુભજન મેં નિશદિન રાચી,
પલ પલ કરું પ્રણામ ... અબ તેરો.

ગાય ગાય પ્રભુ કો મૈં રિઝાઉં,
નૃત્ય કરત ઘનશ્યામ ... અબ તેરો.

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
ચરણકમળ નિજધામ ... અબ તેરો.

**- મીરાંબાઈ**

# અબ મોહે ક્યું તરસાવૌ

તુમરે કારણ સબ સુખ છોડ્યા,
અબ મોહે ક્યું તરસાવૌ હૌ.

વિરહ-વ્યથા લાગી ઉર અંતર,
સો તુમ આય બુઝાવૌ હૌ.

અબ છોડત નહીં બનહિ પ્રભુજી,
હંસકર તુરત બુલાવૌ હૌ.

મીરાં દાસી જનમ-જનમકી,
અંગ સે અંગ લગાવૌ હૌ.

- **મીરાંબાઈ**

# અરજ કરે છે મીરાં રાંકડી

અરજ કરે છે મીરાં રાંકડી રે, ઊભી ઊભી.

મુનિવર સ્વામી મારા મંદિરે પધારો વહાલા,
સેવા કરીશ દિન-રાતડી રે … ઊભી ઊભી.

ફૂલના હાર વહાલા, ફૂલના ગજરા કરું,
ફૂલના તોરા ફૂલ પાંખડી રે … ઊભી ઊભી.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ વહાલા,
તમને જોઈ ઠરે મારી આંખડી રે … ઊભી ઊભી.

**- મીરાંબાઈ**

# આજ મારે ઘેર આવના મહારાજ

આજ મારી મિજમાની છે રાજ,
મારે ઘેર આવના મહારાજ.

ઊંચા સે બાજોઠ ઢળાવું,
અપને હાથ સે ગ્રાસ ભરાવું,
ઠંડા જળ ઝારી ભરી લાવું,
રુચિ રુચિ પાવના મહારાજ. … આજ મારે ઘેર.

બુહ મેવા પકવાન મીઠાઈ,
શાક છત્તીસે જુગતે બનાઈ,
ઊભી ઊભી ચામર ઢોળું રાજ,
લાગો સુહામણા મહારાજ. … આજ મારે ઘેર.

ડોડા એલચી લવિંગ સોપારી,
કાથા ચૂના પાન બિચ ડારી,
અપને હાથસે બીડી બનાઉં,
મુખસે ચાવના મહારાજ. … આજ મારે ઘેર.

મોર મુકુટ પીતાંબર સોહે,
સુરનરિ મુનિજન કૈ મન મોહે,
મીરાં કે પ્રભુ ગિરધરલાલ,
દિલ બીચ ભરના મહારાજ. … આજ મારે ઘેર.

- **મીરાંબાઈ**

# આવો તો રામરસ પીજીએ

આવો તો રામરસ પીજીએ
હો ભાગ્યશાળી, આવો તો રામરસ પીજીએ.

તજી દુઃસંગ સત્સંગમાં બેસી,
હરિગુણ ગાઈ લહાવો લીજીએ ... હો ભાગ્યશાળી.

મમતાને મોહજંજાળ જગ કેરી,
ચિત્ત થકી દૂર કરી દીજીએ ... હો ભાગ્યશાળી.

દેવોને દુર્લભ દેહ મળ્યો આ,
તેને સફળ આજ કીજીએ ... હો ભાગ્યશાળી.

રામનામ રીઝીએ, આનંદ લીજીએ,
દુર્જનિયાંથી ન બ્હીજીએ ... હો ભાગ્યશાળી.

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
હેતે હરિરંગ ભીંજીએ ... હો ભાગ્યશાળી.

**- મીરાંબાઈ**

# એ રી મૈં તો પ્રેમદિવાની

એ રી મૈં તો પ્રેમદિવાની
મેરો દર્દ ના જાણે કોઈ … એ રી મૈં તો પ્રેમદિવાની.

શૂળી ઉપર સેજ હમારી,
કિસ બિધ સોના હોય,
ગગન મંડલ પર સેજ પિયા કી
કિસ બિધ મિલના હોય … એ રી મૈં તો પ્રેમદિવાની.

ઘાયલ કી ગત ઘાયલ જાને,
ઔર ન જાને કોય,
જૌહરી કી ગતી જૌહરી જાણે,
કી જિન જૌહર હોય … એ રી મૈં તો પ્રેમદિવાની.

દરદ કી મારી વન વન ભટકૂઁ
વૈદ્ય મિલ્યા નહીં કોય
મીરાં કી પ્રભુ પીડ મિટેગી
જબ વૈદ્ય સાંવરિયો હોય … એ રી મૈં તો પ્રેમદિવાની.

**- મીરાંબાઈ**

# ઓધા નહીં રે આવું

કામ છે, કામ છે, કામ છે, રે
ઓધા નહીં રે આવું મારે કામ છે.

શામળિયા ભીને વાન છે રે,
ઓધા નહીં રે આવું મારે કામ છે.

આણી તીરે ગંગા ને પેલી તીરે જમના,
વચમાં ગોકુળિયું ગામ છે રે ... ઓધા નહીં રે આવું.

સોનું રૂપું મારે કામ ન આવે,
તુલસી તિલક પર ધ્યાન છે રે ... ઓધા નહીં રે આવું.

આગલી પરસાળે મારો સસરાજી પોઢે,
પાછલી પરસાળે સુંદરશ્યામ છે રે ... ઓધા નહીં રે આવું.

મીરાંબાઈ કે પ્રભુ ગિરિધર નાગર,
ચરણકમળમાં મારો વિશ્રામ છે રે ... ઓધા નહીં રે આવું.

**- મીરાંબાઈ**

# કબહું મિલૈ પિયા મેરા

ગોવિંદ, કબહું મિલૈ પિયા મેરા.

ચરણ-કવંલ કો હંસ-હંસ દેખૂં
રાખૂં નૈણાં નેરા,
નિરખણકૂં મોહિ ચાવ ઘણેરો
કબ દેખું મુખ તેરા … કબહું મિલૈ.

વ્યાકુલ પ્રાણ ધરત નહીં ધીરજ,
મિલ તૂં મીત સવેરા,
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
તાપ તપન બહુ તેરા … કબહું મિલૈ.

**- મીરાંબાઈ**

# કરના ફકીરી તબ ક્યા દિલગીરી?

કરના ફકીરી તબ ક્યા દિલગીરી?
સદા મગનમેં રહેના જી … કરના ફકીરી.

કોઈ દિન ગાડી ને કોઈ દિન બંગલા,
કોઈ દિન જંગલ બસના જી … કરના.

કોઈ દિન હાથી ને કોઈ દિન ઘોડા,
કોઈ દિન પાંવ પે ચલના જી … કરના ફકીરી.

કોઈ દિન ખાજાં ને કોઈ દિન લાડુ,
કોઈ દિન ફાકમફાકા જી … કરના ફકીરી.

કોઈ દિન ઢોલિયા, કોઈ દિન તલાઈ,
કોઈ દિન ભોંય પે લેટના જી … કરના ફકીરી.

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
જો આન પડે સો સહના જી … કરના ફકીરી.

**- મીરાંબાઈ**

# કર્મનો સંગાથી કોઈ નથી

હે જી રે કર્મનો સંગાથી, રાણા મારું કોઈ નથી.
હે જી રે કર્મનો સંગાથી, હરિ વિણ કોઈ નથી.

હો એક રે ગાયનાં દો-દો વાછરું,
લખ્યાં એનાં જુદાં જુદાં લેખ,
એક રે બન્યો શિવજીનો પોઠિયો,
બીજો ઘાંચીડાને ઘેર ... હે જી રે કર્મનો સંગાથી.

હો એક રે માતાનાં દો-દો દીકરા,
લખ્યાં એનાં જુદાં જુદાં લેખ,
એકને માથે રે છત્તર બિરાજે,
બીજો ભારા વેચી ખાય ... હે જી રે કર્મનો સંગાથી.

હો એક રે માટીનાં દો-દો મોરિયા,
લખ્યાં એનાં જુદાં જુદાં લેખ,
એક રે મોરિયો શિવજીની ગળતી,
બીજો મસાણે મૂકાય ... હે જી રે કર્મનો સંગાથી.

હો એક રે પત્થરનાં દો-દો ટુકડા,
લખ્યાં એનાં જુદાં જુદાં લેખ,
એક રે બન્યો શિવજીની મૂર્તિ,
બીજો ગંગાજીને ઘાટ ... હે જી રે કર્મનો સંગાથી

હો એક રે વેલાના દો દો તુંબડાં,
લખ્યાં એનાં જુદા જુદા લેખ,
એક રે તુંબડું સાધુના હાથમાં,
બીજું રાવળિયાને ઘેર ... હે જી રે કર્મનો સંગાથી.

હો એક રે વાંસની દો દો વાંસળી,
લખ્યાં એનાં જુદા જુદા લેખ,
એક રે વાંસળી કાનકુંવરની,
બીજી વાગે વાદીડાને રે ઘેર ... હે જી રે કર્મનો સંગાથી.

હો એક રે માતને દો દો બેટડા,
લખ્યાં એના જુદા જુદા લેખ,
એક રે બેટો ચોરાશી ધૂણી તપે,
બીજો લખચોરાશી માંહ્ય ....

હે જી રોહીદાસ ચરણે મીરાંબાઈ બોલીયા,
દેજો અમને સંત ચરણે વાસ ... હે જી રે કર્મનો સંગાથી.

**- મીરાંબાઈ**

# કાનુડો માંગ્યો દેને જશોદા મૈયા

કાનુડો માંગ્યો દેને જશોદા મૈયા
કાનુડો માંગ્યો દેને.

આજની રાત અમે રંગ ભરી રમશું
પરભાતે પાછાં માંગી લ્યોને જશોદા મૈયા ...કાનુડો માંગ્યો

રતિ ભરેય અમે ઓછું નવ કરીએ
ત્રાજવડે તોળી તોળી લ્યોને જશોદા મૈયા ... કાનુડો માંગ્યો

હાથી ઘોડા ને આ માલ ખજાના
મેલ્યું સજીને તમે લ્યોને જશોદા મૈયા ... કાનુડો માંગ્યો

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર
ચરણ કમળ મને દોને જશોદા મૈયા ... કાનુડો માંગ્યો

**- મીરાંબાઈ**

# કાનુડો શું જાણે મારી પીડ

કાનુડો શું જાણે મારી પીડ?
બાઈ અમે બાળ કુંવારા રે...કાનુડો શું જાણે.

જળ રે જમુનાના અમે ભરવાને ગ્યા'તા વા'લા,
કાનુડે ઉડાડયા આછાં નીર, ઉડયા ફરરરર રે... કાનુડો શું જાણે.

વૃંદા રે વનમાં વ્હાલે રાસ રચ્યો ને,
સોળસે ગોપીના તાણ્યા ચીર, ફાટ્યાં ચરરરર રે... કાનુડો શું જાણે.

જમુનાને કાંઠે વ્હાલો ગોધણ ચારે રે,
વાંસળી વગાડી, ભાગ્યા ઢોર, ભાગ્યાં હરરરર રે... કાનુડો શું જાણે.

હું વૈરાગી કાના તમારા રે નામની રે,
કાનુડે માર્યાં છે અમને તીર, વાગ્યાં અરરરર રે... કાનુડો શું જાણે.

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
કાનુડે બાળીને કીધા ખાખ, રાખ ઉડી ખરરરર રે... કાનુડો શું જાણે.

**- મીરાંબાઈ**

# કૃષ્ણ કરો યજમાન

કૃષ્ણ કરો યજમાન.
અબ તુમ, કૃષ્ણ કરો યજમાન.

જાકી કીરત વેદ બખાતન,
સાખી દેત પુરાતન. ... અબ તુમ.

મોર, મુકુટ, પીતાંબર સોહત,
કુંડળ ઝળકત કાન. ... અબ તુમ.

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
દો દર્શન કો દાન. ... અબ તુમ.

- **મીરાંબાઈ**

# કે દા'ડે મળશે મુંને કા'ન

જોશીડા જોશ જુવોને,
કે દા'ડે મળશે મુંને કા'ન રે?

દુઃખડાની મારી વા'લા દૂબળી થઈ છું,
પચીપચી થઈ છું પીળી પાન રે ... કે દા'ડે મળશે.

દુઃખડાં મારાં ડુંગર જેવડાં,
સુખડાં છે મેરું સમાન રે. ... કે દા'ડે મળશે.

પ્રીત કરીને વા'લે પાંગળાં કીધાં,
બાણે વીંધ્યા છે મારા પ્રાણ રે. ... કે દા'ડે મળશે.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
ચરણકમળ ચિત્ત ધ્યાઉં રે. ... કે દા'ડે મળશે.

**- મીરાંબાઈ**

# કોઈ કછુ કહૈ મન લાગા

કોઈ કછુ કહૈ મન લાગા.

ઐસી પ્રીતિ લાગી મન મોહન,
જસ સોને મેં સુહાગા;

જનમ જનમ કા સોવે યે મનવા,
સદ્દગુરુ શબ્દ સુનિ જાગા. ... કોઈ કછું કહૈ.

માત, તાત, સુત, કુટુંબ-કબીલા,
તૂટ ગયા જૈસે ધાગા;

મીરાં કે પ્રભુ ગિરધર નાગર,
ભાગ્ય હમારા જાગા. ... કોઈ કછું કહૈ.

**- મીરાંબાઈ**

# ગોવિંદના ગુણ ગાશું

ગોવિંદના ગુણ ગાશું,
રાણાજી, અમે ગોવિંદના ગુણ ગાશું.

ચરણામૃતનો નિયમ હમારે,
નિત્ય ઊઠી મંદિર જાશું ... રાણાજી અમે.

રાણોજી રૂઠશે તો રાજ તજાવશે,
પ્રભુજી રૂઠે રે મરી જાશું ... રાણાજી અમે.

વિષના પ્યાલા રાણાજીએ મોકલ્યા,
ચરણામૃત કરી લેશું ... રાણાજી અમે.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
ચરણકમળ પર વારી જાશું ... રાણાજી અમે.

**- મીરાંબાઈ**

# ગોવિંદો પ્રાણ અમારો

ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે;
મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે.

મીરાંબાઈના મહેલમાં રે, હરિસંતનો વાસ;
કપટીથી હરિ દૂર વસે, મારા સંતન કેરી પાસ...ગોવિંદો...

રાણોજી કાગળ મોકલે રે, દો રાણી મીરાંને હાથ;
સાધુની સંગત છોડી દો, તમે વસોને અમારે સાથ... ગોવિંદો...

મીરાંબાઈ કાગળ મોકલે રે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તમે છોડી રાણાજી, વસો સાધુને સાથ... ગોવિંદો....

વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પી ગયાં, જેને સહાય શ્રીવિશ્વનો નાથ... ગોવિંદો...

સાંઢવાળા સાંઢ શણગારજે રે, જાવું સો સો રે કોશ;
રાણાજીના દેશમાં મારે, જળ રે પીવાનો દોષ... ગોવિંદો...

ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઈ પશ્ચિમમાંય;
સરવ છોડીને મીરાં નીસર્યાં, જેનું માયામાં મનડું ન કાંય...ગોવિંદો....

સાસુ અમારી સુષુમણા રે, સસરો પ્રેમ-સંતોષ;
જેઠ જગજીવન જગતમાં, મારો નાવલિયો નિર્દોષ.... ગોવિંદો....

ચૂંદડી ઓઢું ત્યારે રંગ ચૂવે રે, રંગબેરંગી હોય;
ઓઢું હું કાળો કામળો, દુજો ડાઘ ન લાગે કોય.... ગોવિંદો...

મીરાં હરિની લાડણી રે, રહેતી સંત-હજૂર;
સાધુ સંગાતે સ્નેહ ઘણો, પેલા કપટીથી દિલ દૂર... ગોવિંદો... **- મીરાંબાઈ**

# ઘડી એક નહીં જાય રે

ઘડી એક નહીં જાય રે, તુમ દરસન બિન મોય,
તુમ હો મેરે પ્રાણજી, કાસૂં જીવણ હોય.

ધાન ન ભાવૈ, નીંદ ન આવૈ, બિરહ સતાવૈ મોય,
ઘાયલ સી ઘૂમત ફિરું રે, મેરો દરદ ન જાણે કોય.

દિવસ તો ખાય ગવાઈયો રે, રૈણ ગવાઈ સોય,
પ્રાણ ગવાયા ઝરતાં રે, નૈન ગવાયા રોય.

જો મૈં ઐસી જાણતી રે, પ્રીતિ કિયાં દુઃખ હોય,
નગર ઢંઢેરા ફેરતી રે, પ્રીતિ કરો મત કોય.

પંથ નિહારું, ડગર બુહારું, ઊભી મારગ જોય,
મીરાં કે પ્રભુ કબ રે મિલોગે, તુમ મિલિયાં સુખ હોય.

**- મીરાંબાઈ**

# ઘેલાં અમે ભલે થયાં રે

ઘેલાં અમે ભલે થયાં રે, બાઈ મારે ઘેલામાં ગુણ લાધ્યો.

આટલા દિવસ હરિ જાણ્યા વિનાનું, મન માયામાં બાંધ્યું,
ભવસાગરમાં ભૂલાં પડ્યાં ત્યારે, મારગ મળિયા સાધુ … ઘેલા.

ઘેલાં તો અમે હરિનાં ઘેલાં, નિર્ગુણ કીધાં નાથે,
પૂર્વજન્મની પ્રીત હતી, ત્યારે હરિએ ઝાલ્યાં હાથે … ઘેલાં.

ઘેલાંની વાતો ઘેલાં જ જાણે, ને દુનિયા શું જાણે વળી ?
જે રસ તો દેવતાને દુર્લભ, તે રસ ઘેલાં માણે જરી … ઘેલાં.

ઘેલાં મટી અમે ડાહ્યા ન થઈએ, ને સંતના શરણાં લીધાં,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, કારજ સઘળાં સીધ્યાં … ઘેલાં.

**- મીરાંબાઈ**

# ચલો મન ગંગા-જમુના તીર

ચલો મન ગંગા-જમુના તીર.

ગંગા જમના નિરમલ પાણી
શીતલ હોત શરીર,

બંસી બજાવત ગાવત કાન્હો,
સંગ લિયે બલવીર ... ચલો મન.

મોર મુગુટ પીતાંબર સોહે
કુંડલ ઝળકત હીર,

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર
ચરણકમલ પર શીર ... ચલો મન.

**- મીરાંબાઈ**

# ચિત્તડાં ચોરાણાં તેને શું રે કરું?

શું કરું રાજ તારાં ? શું કરું પાટ તારાં ?
ચિત્તડાં ચોરાણાં તેને શું રે કરું? રાણા શું રે કરું ?
ભૂલી ભૂલી હું તો ઘર કેરાં કામ … રાણા, ચિતડાં ચોરાણાં

અન્નડાં ન ભાવે, નેણે નિદ્રા ન આવે,
ગિરિધરલાલ વિના ઘડી ન આરામ … રાણા, ચિતડાં ચોરાણાં

ચિત્તોડગઢમાં રાણી, ચોરેચૌટે વાતો થાય,
માનો મીરાં, આ તો જીવ્યું ન જાય … રાણા, ચિતડાં ચોરાણાં

ઊભી બજારે રાણા, ગજ ચાલ્યો જાય છે,
શ્વાન ભસે તેને લજ્જા નવ થાય … રાણા, ચિતડાં ચોરાણાં

નિંદા કરે રાણા, તારા નગરના લોક એ,
ભજન ભૂલું તો મારો ફેરો થાય ફોક … રાણા, ચિતડાં ચોરાણાં

મનમાં ભજો મીરાં, નારાયણ નામને,
પ્રગટ ભજો તો મારાં છોડી જજો ગામ … રાણા, ચિતડાં ચોરાણાં

નગરીના લોકો રાણા, મીરાંને મનાવે સૌ,
માનો માનો, ને કંઈ છોડો, એવી ચાલ … રાણા, ચિતડાં ચોરાણાં

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ વા’લા,
હરિને ભજીને હું તો થઈ હવે ન્યાલ … રાણા, ચિતડાં ચોરાણાં

**- મીરાંબાઈ**

# જલદી ખબર લેના

જલદી ખબર લેના મેહરમ મેરી.

જલ વિના મીન મરે એક ક્ષણ મેં,
એવે અમૃત પાઓ તોય ઝેરી ઝેરી ... જલદી ખબર લેના.

બહોત દિનોં કા બિછોહ ઘડા હૈ,
અબ તો રાખો નેડી નેડી ... જલદી ખબર લેના.

ચકોર કો ધ્યાન લગો ચંદવાસું,
નટવા કો ધ્યાન લગો ડોરી ડોરી ... જલદી ખબર લેના.

સંત કો ધ્યાન લગ્યો રામ પ્યારે,
મૂરખ કો ધ્યાન મેરી મેરી ... જલદી ખબર લેના.

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
તુમ પર સૂરત મેરી ઠેરી ઠેરી ... જલદી ખબર લેના.

**- મીરાંબાઈ**

# જાગો બંસીવાલે

જાગો બંસીવાલે લલના, જાગો મોરે પ્યારે.

રજની બીતી ભોર ભયો હૈ
ઘરઘર ખુલે કિંવારે,
ગોપી દહીં મથત સુનિયત હૈ
કંગના કે ઝનકારે ... જાગો બંસીવાલે.

ઊઠો લાલજી ભોર ભયો હૈ
સુર નર ઠાઢે દ્વારે,
ગ્વાલબાલ સબ કરત કોલાહલ
જય જય સબદ ઉચ્ચારે ... જાગો બંસીવાલે.

માખન રોટી હાથ મેં લીની
ગઉવનકે રખવારે,
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર
શરણ આયા કૂં તારે ... જાગો બંસીવાલે.

**- મીરાંબાઈ**

# જાગો રે અલબેલા કા’ના

જાગો રે અલબેલા કા’ના મોટા મુકુટધારી રે,
સહુ દુનિયા તો સૂતી જાગી, પ્રભુ તમારી નિદ્રા ભારી રે ... જાગો રે.

ગોકુળ ગામની ગાયો છૂટી, વણજ કરે વેપારી રે,
દાતણ કરો તમો આદે દેવા, મુખ ધુઓ મોરારિ રે ... જાગો રે.

ભાતભાતનાં ભોજન નીપાયાં, ભરી સુવર્ણથાળી રે,
લવંગ, સોપારી ને એલચી, પ્રભુ પાનની બીડી વાળી રે ... જાગો રે.

પ્રીત કરી ખાઓ પુરુષોત્તમ, ખવડાવે વ્રજની નારી રે,
કંસની તમે વંશ કાઢી, માસી પૂતના મારી રે ... જાગો રે.

પાતાળે જઈ કાળીનાગ નાથ્યો, અવળી કરી અસવારી રે,
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હું છું દાસી તમારી રે ... જાગો રે.

**- મીરાંબાઈ**

# જૂનું તો થયું રે દેવળ

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું,
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.

આરે કાયા રે હંસા, ડોલવાને લાગી રે,
પડી ગયાં દાંત, માંયલી રેખું તો રહ્યું … મારો હંસલો

તારે ને મારે હંસા પ્રીત્યું બંધાણી રે,
ઉડી ગયો હંસ પીંજર પડી તો રહ્યું … મારો હંસલો

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરનાં ગુણ,
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં … મારો હંસલો

**- મીરાંબાઈ**

# જ્ઞાનકટારી મારી અમને

જ્ઞાનકટારી મારી, અમને પ્રેમકટારી મારી.

મારે આંગણે રે તપસીઓ તાપે રે,
કાને કુંડળ જટાધારી રે … રાણાજી, અમને.

મકનોસો હાથી, લાલ અંબાડી રે,
અંકુશ દઈ દઈ હારી રે … રાણાજી, અમને.

ખારા સમુદ્રમાં અમૃતનું વહેળિયું રે,
એવી છે ભક્તિ અમારી રે … રાણાજી, અમને.

બાઈ મીરાં કે પ્રભુ ગિરધાર નાગર,
ચરણકમળ બલિહારી રે … રાણાજી, અમને.

**- મીરાંબાઈ**

# ઝેર તો પીધા જાણી જાણી

નથી રે પીધાં અણજાણી રે,
મેવાડના રાણા, ઝેર તો પીધા જાણી જાણી.

કોયલ ને કાગ રાણા, એક જ વરણાં રે;
કડવી લાગે છે કાગવાણી રે,
મેવાડના રાણા, ઝેર તો પીધાં જાણી જાણી.

ઝેરના કટોરા જ્યારે રાણાજી મોકલે રે;
તેનાં બનાવ્યાં દૂધ પાણી રે,
મેવાડના રાણા, ઝેર તો પીધાં જાણી જાણી.

રીસ કરીને રાણો ત્રાસ ગુજારે;
ક્રોધ રૂપે દર્શાણી રે,
મેવાડના રાણા, ઝેર તો પીધાં જાણી જાણી.

સાધુનો સંગ મીરાં છોડી દિયો રે;
તમને બનાવું રાજરાણી રે,
મેવાડના રાણા, ઝેર તો પીધાં જાણી જાણી.

સાધુડાનો સંગ રાણા નહિ છૂટે અમથો રે;
જનમોજનમની બંધાણી રે,
મેવાડના રાણા, ઝેર તો પીધાં જાણી જાણી.

સંતો છે માત રાણા, સંતો પિતા મારા;
સંતોની સંગે હું લોભાણી રે,
મેવાડના રાણા, ઝેર તો પીધાં જાણી જાણી.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર;
તમને ભજીને હું વેચાણી રે,
મેવાડના રાણા, ઝેર તો પીધાં જાણી જાણી.

**- મીરાંબાઈ**

# ડારી ગયો મનમોહન

ડારી ગયો મનમોહન પાસી.

આંબા કી ડાળ કોયલ ઈક બોલૈ,
મેરો મરણ અરુ જગ કેરી હાંસી ... ડારી ગયો મનમોહન.

બિરહ કી મારી મૈં બન-બન ડોલૂં,
પ્રાણ તજૂં, કરવત લ્યૂં કાશી ... ડારી ગયો મનમોહન.

મીરાં કે પ્રભુ હરિ અવિનાશી,
તુમ મેરે ઠાકુર, મેં તેરી દાસી ... ડારી ગયો મનમોહન.

**- મીરાંબાઈ**

# તને કાંઈ કાંઈ બોલ સુણાવા

તને કાંઈ કાંઈ બોલ સુણાવા
મારા સાંવરા ગિરિધારી,
પૂરવ જનમની પ્રીત પુરાણી
આવને ગિરધારી ... મારા સાંવરા

સુંદર વદન જોવું સાજન,
તારી છબી બલિહારી,
મારા આંગણમાં શ્યામ પધારો,
મંગલ ગાવું નારી ... મારા સાંવરા

મોતી ચોક પૂરાવ્યા છે ને
તન મન દીધા વારી,
ચરણ કમળની દાસી મીરાં
જનમ જનમની કુંવારી ... મારા સાંવરા

**- મીરાંબાઈ**

# તમે પધારો વનમાળી રે

હાં રે મેં તો કીધી છે ઠાકોર થાળી રે,
હવે તમે પધારો વનમાળી રે … હાં રે મેં તો.

પ્રભુ સાકર દ્રાક્ષ ખજૂરી, માંહે નથી બાસુંદી કે પૂરી,
મારે સાસુ નણદી છે શૂળી … પધારો વનમાળી રે.

પ્રભુ ભાતભાતના લાવું મેવા, તમે પધારો વાસુદેવા,
મારે ભુવનમાં રજની રહેવા … પધારો વનમાળી રે.

પ્રભુ કંગાલ તોરી દાસી, પ્રભુ પ્રેમના છો તમે પ્યાસી,
દાસીની પૂરજો આશી … પધારો વનમાળી રે.

હાંરે મેં તો તજી છે લોકની શંકા, પ્રીતમ કા ઘર હૈ બંકા,
બાઈ મીરાંએ દીધા ડંકા … પધારો વનમાળી રે.

**- મીરાંબાઈ**

# તું સત્સંગનો રસ ચાખ

સત્સંગનો રસ ચાખ, પ્રાણી.
તું સત્સંગનો રસ ચાખ.

પ્રથમ લાગે તીખો ને કડવો,
પછી આંબા કેરી શાખ ... પ્રાણી, તું.

આ રે કાયાનો ગર્વ ન કીજે,
અંતે થવાની છે ખાખ. ... પ્રાણી, તું.

હસ્તિ ને ઘોડી, માલ ખજાના,
કાંઈ ન આવે સાથ. ... પ્રાણી, તું.

સત્સંગથી બે ઘડીમાં મુક્તિ,
વેદ પૂરે છે સાખ. ... પ્રાણી, તું.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર,
હરિચરણે ચિત્ત રાખ. ... પ્રાણી, તું.

**- મીરાંબાઈ**

# તુમ ઘર આજ્યો હો

ભગવન, પતિ, તુમ ઘર આજ્યો હો !

વ્યથા લગી તન મંહિન,
મ્હારી તપત બુઝાજ્યો હો … તુમ ઘર આજ્યો

રોવત-રોવત ડોલતા,
સબ રૈણ બિઝાવૈ હો,
ભૂખ ગઈ, નિંદરા ગઈ,
પાપી જીવ ન જાવૈ હો … તુમ ઘર આજ્યો

દુખિયાં કૂ સુખિયા કરો,
મોહિ દરશન દીજૈ હો,
મીરાં વ્યાકુલ બિરહણી,
અબ વિલંબ ન કીજૈ હો … તુમ ઘર આજ્યો

- **મીરાંબાઈ**

# તુમ બિન રહ્યો ન જાય

પ્યારે દરસન દીજ્યો આય,
તુમ બિન રહ્યો ન જાય.

જળ બિન કમલ, ચંદ બિન રજની,
ઐસે તુમ દેખ્યા બિન સજની,
આકુળ વ્યાકુળ ફિરૈ રૈન દિન,
બિરહ કલેજો ખાય … તુમ બિન.

દિવસ ન ભૂખ નીંદ નહીં રૈના,
મુખસૂં કહત ન આવે બૈના,
કહા કહૂં કછુ કહત ન આવે,
મિલકર તપત બુઝાય … તુમ બિન.

કયું તરસાવો અંતરજામી
આન મિલો કિરપા કર સ્વામી,
મીરાં દાસી જનમ જનમકી,
પડી તુમ્હારે પાય … તુમ બિન.

- **મીરાંબાઈ**

# તેને ઘેર શીદ જઈએ ?

જેને મારા પ્રભુજીની ભક્તિ ના ભાવે રે, તેને ઘેર શીદ જઈએ?
જેને ઘેર સંત પ્રાહુણો ના આવે રે, તેને ઘેર શીદ જઈએ?

સસરો અમારો અગ્નિનો ભડકો, સાસુ સદાની શૂળી રે,
એની પ્રત્યે મારું કાંઈ ના ચાલે રે, એને આંગણિયે નાખું પૂળી રે ... તેને.

જેઠાણી અમારી ભમરાનું જાળું, દેરાણી તો દિલમાં દાઝી રે,
નાની નણંદ તો મોં મચકોડે, તે ભાગ્ય અમારે કર્મે પાજી રે ... તેને.

નાની નણંદ તો મોં મચકોડે, બળતામાં નાખે છે વારિ રે,
મારા ઘર પછવાડે શીદ પડી છે? બાઈ તું જીતી ને હું હારી રે ... તેને.

તેને ખૂણે બેસીને મેં તો ઝીણું કાંત્યું, તે નથી રાખ્યું કાંઈ કાચું રે,
બાઈ મીરાં ગિરિધર ગુણ ગાવે, તારા આંગણિયામાં થેઈ થેઈ નાચું રે ... તેને

**- મીરાંબાઈ**

# તેરો કોઈ નહીં રોકણહાર

તેરો કોઈ નહીં રોકણહાર મગન હુઈ મીરાં ચલી

લાજ શરમ કુલ કી મર્યાદા શિર સે દૂર કરી;
માન અપમાન દોઉ ધર પટકે નિકસી જ્ઞાન ગલી.

ઊંચી અટરીયાં લાલ કિંવડીયા, નિર્ગુણ સેજ બીછી
પચરંગી ઝાલર શુભ સોહે, ફુલન ફુલ કલી.

બાજુબંધ કડૂલા સોહે, સિંદૂર માંગ ભરી,
સુમિરન થાળ હાથ મેં લીન્હો, શોભા અધિક ખરી.

સેજ સુષમણા મીરાં સોહે, શુભ હૈ આજ ધડી,
તુમ જાઓ રાણા ઘર અપને, મેરી થારી નહીં સરી.

**- મીરાંબાઈ**

# દવ તો લાગેલ ડુંગર મેં

દવ તો લાગેલ ડુંગર મેં,
કહોને ઓધાજી, હવે કેમ કરીએ?
કેમ તે કરીએ? અમે કેમ તે કરીએ?

હાલવા જઈએ તો વહાલા હાલી ન શકીએ,
બેસી રહીએ તો અમે બળી મરીએ રે..કહોને.

આરે વરતીએ નથી ઠેકાણું રે વહાલા,
પર વરતીની પાંખે અમે ફરીએ રે...કહોને.

સંસારસાગર મહાજળ ભરિયા વહાલા,
બાંહેડી ઝાલો નીકર બૂડી મરીએ રે..કહોને.

બાઈ મીરાં કે પ્રભુ ગિરધાર નાગર,
ગુરુજી તારો તો અમે તરીએ રે...કહોને.

**- મીરાંબાઈ**

# ધિક્ હૈ જગમેં જીવન

ધિક્ હૈ જગમેં જીવન જાકો, ભજન બિના દેહ ધરી.

જબ માતા કી કૂખ જન્મ્યો, આનંદ હરષ ઉચ્ચારી,
જગમેં આય ભજન ના કીન્હો, જનની કો ભારે મારી ... ધિક્ હૈ.

કાગ કોયલ તો સબ રંગ એકે, કોઈ ગોરી કોઈ કારી,
વો બોલે તક તીરજ મારે, વો બોલે જગ પ્યારી ... ધિક્ હૈ

વાગલ તો શિર ઊંધે ઝૂલે, વાકી કોન વિચારી,
ફૂલ સબ કોઈ કરણી કા ચાખે, માનો બાત હમારી ... ધિક્ હૈ.

જૂની સી નાવ, મિલા ખેવટિયા, ભવસાગર બહુ ભારી,
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, પ્રભુ મોહે પાર ઉતારી ... ધિક્ હૈ.

**- મીરાંબાઈ**

# ધ્યાન ધણી કેરું ધરવું

ધ્યાન ધણી કેરું ધરવું, બીજું મારે શું કરવું રે?
શું કરવું રે સુંદરશ્યામ, બીજાને મારે શું કરવું રે ?

નિત્ય ઊઠીને અમે નાહીએ ને ધોઈએ રે,
ધ્યાન ધણીતણું ધરીએ રે;
સંસારસાગર મહાજળ ભરિયો રે વા'લા,
તારા ભરુંસે અમે તરીએ રે...બીજું.

સાધુજનને ભોજન જમાડીએ વા'લા,
જૂઠું વધે તે અમે જમીએ રે;
વૃંદા તે વનમાં રાસ રચ્યો રે વા'લા,
રાસમંડળમાં તો અમે રમીએ રે...બીજું.

હીર ને ચીર મને કામ ન આવે વા'લા,
ભગવાં પહેરીને અમે ભમીએ રે;
બાઈ મીરાં કે પ્રભુ ગિરધર નાગર,
ચરણકમળ ચિત્ત ધરીએ રે...બીજું.

**- મીરાંબાઈ**

# નંદલાલ નહિ રે આવું

નંદલાલ નહિ રે આવું, ઘરે કામ છે,
તુલસીની માળામાં શ્યામ છે;
વૃંદા તે વનને મારગ જાતાં,
રાધા ગોરી ને કાન શ્યામ છે ... નંદલાલ.

વૃંદા તે વનમાં રાસ રચ્યો છે,
સહસ્ત્ર ગોપી ને એક કહાન છે;
વૃંદા તે વનને મારગ જાતાં,
દાણ આપ્યાની ઘણી હામ છે ... નંદલાલ.

વૃંદા તે વનની કુંજ ગલીમાં,
ઘેર ઘેર ગોપીઓનાં ઠામ છે;
આણી તીરે ગંગા પેલી તીરે જમુના,
વચમાં ગોકુળિયું ગામ છે ... નંદલાલ.

ગામનાં વલોણાં મારે મહીનાં વલોણાં,
મહીડાં ઘૂમ્યાની ઘણી હામ છે;
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
ચરણકમળ સુખધામ છે ... નંદલાલ.

**- મીરાંબાઈ**

# નહિ રે વિસારું હરિ

નહિ રે વિસારું હરિ,
અંતરમાંથી નહિ રે વિસારું હરિ.

જલ જમુનાનાં પાણી રે જાતાં
શિર પર મટકી ધરી;
આવતાં ને જાતાં મારગ વચ્ચે
અમૂલખ વસ્તુ જડી ... અતંરમાંથી

આવતાં ને જાતાં વૃન્દા રે વનમાં
ચરણ તમારે પડી;
પીળાં પિતાંબર જરકશી જામા,
કેસર આડ કરી ... અંતરમાંથી

મોરમુગટ ને કાને રે કુંડલ,
મુખ પર મોરલી ધરી;
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધરનાં ગુણ,
વિઠ્ઠલ વરને વરી ... અંતરમાંથી

**- મીરાંબાઈ**

# નાખેલ પ્રેમની દોરી

નાખેલ પ્રેમની દોરી,
ગળામાં અમને નાખેલ પ્રેમની દોરી.

આની કોરે ગંગા વા'લા! પેલી કોરે યમુના !
વચમાં કાનુડો નાખે ફેરી રે … ગળામાં અમને.

વૃંદા રે વનમાં વા'લે ધેનુ ચરાવી,
વાંસળી વગાડે ઘેરી ઘેરી … ગળામાં અમને.

જળ રે જમુનાનાં અમે પાણીડાં ગ્યાં'તાં,
ભરી ગાગર નાખી ઢોળી … ગળામાં અમને.

વૃંદા રે વનમાં વા'લે રાસ રચ્યો રે,
કા'ન કાળો ને રાધા ગોરી … ગળામાં અમને.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ વા'લા,
ચરણોની દાસી પિયા તોરી … ગળામાં અમને.

**- મીરાંબાઈ**

# નાગર નંદા રે

નાગર નંદા રે,
મુગુટ પર વારી જાઉં, નાગર નંદા.

વનસ્પતિ મેં તુલસી બડી હેં,
નદિયનમેં બડી ગંગા;

સબ દેવનમેં શિવજી બડે હેં,
તારનમેં બડા ચંદા. … નાગર નંદા.

સબ ભક્તમેં ભરથરી બડે હેં,
શરણ રાખો ગોવિંદા;

મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ,
ચરણકમળ ચિત્ત ફંદા … નાગર નંદા.

**- મીરાંબાઈ**

# નાથ તુમ જાનત હો સબ ઘટકી

નાથ તુમ જાનત હો સબ ઘટકી,
મીરાં ભક્તિ કરે પરગટ (પ્રગટ)કી.

રામમંદિર મેં મીરાંબાઈ નાચે, તાલ વગાડે ચપટી,
પાંવ મેં ઘૂઘરા રૂમઝૂમ બાજે, લાજ શરમ સબ પટકી ... નાથ તુમ.

નાહીધોઈને મીરાં માળા ફેરે, સેવા કરે રઘુવરકી,
શાલિગ્રામ કો ચંદન ચડાવૈ, ભાલ તિલક બીચ ટપકી ... નાથ તુમ.

વિષ કા પ્યાલા રાણાજીને ભેજા સાધુ સંગત મીરાં અટકી,
કર ચરણામૃત પી ગઈ મીરાં, જૈસે રામરસ કી કટકી ... નાથ તુમ.

કે સુરતી દોર લગી એક ધારા, જૈસે ઘડા પર મટકી,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, સૂરતી લગી જૈસી નટકી ... નાથ તુમ.

**- મીરાંબાઈ**

# પગે ઘુંઘરું બાંધી

પગે ઘુંઘરું બાંધી મીરાં નાચી રે ... ટેક

મૈં તો મેરે નારાયણ કી,
આપ હી હો ગઇ દાસી રે ... પગ

લોગ કહે મીરાં ભયી બાંવરી,
ન્યાત કહે કુલ નાસી રે ... પગ

વિષ કા પ્યાલા રાણાજીને ભેજ્યા,
પીવત મીરાં હાંસી રે ... પગ

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
સહજ મિલે અવિનાશી રે ... પગ

- **મીરાંબાઈ**

# પાયોજી મૈંને રામ-રતન

પાયોજી મૈંને રામ-રતન ધન પાયો.

વસ્તુ અમુલખ દી મેરે સતગુરૂ,
કિરપા કર અપનાયો … પાયોજી મૈંને

જનમ જનમકી પૂંજી પાઇ,
જગમેં સભી ખોવાયો … પાયોજી મૈંને

ખરચૈ ન ખૂટે, ચોર ન લૂટે,
દિન દિન બઢત સવાયો … પાયોજી મૈંને

સતકી નાવ, ખેવટિયા સતગુરૂ,
ભવ-સાગર તર આયો … પાયોજી મૈંને

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
હરખ હરખ જશ ગાયો … પાયોજી મૈંને

**- મીરાંબાઈ**

# પિય બિન સૂનો મ્હારો દેશ

પિય બિન સૂનો છે જી મ્હારો દેશ.

એસો હૈ કોઈ પિય સે મિલાવૈ?
તન મન કરું સબ પેશ,
તેરે કારણ બનબન ડોલું
કરકે જોગણ વેશ ... પિય બિન સૂનો

અવધિ બીતી અજહું ન આયે,
પંડર કો ગયા કેસ,
મીરાં કે પ્રભુ કબ રે મિલોગે?
તજ દિયો નગર ન રેસ ... પિય બિન સૂનો

**- મીરાંબાઈ**

# પિયા કારણ રે પીળી ભઈ રે

પિયા કારણ રે પીળી ભઈ રે, લોક જાણે ઘટરોગ,
છપછપલાં મેં કંઈ મોઈ પિયુને મિલન લિયો જોગ રે.

નાડી વૈદ્ય તેડાવિયા રે, પકડ ઢંઢોળે મોરી બાંહ,
એ રે પીડા પરખે નહીં, મોરા દરદ કાળજડાની માંહ્ય રે.

જાઓ રે વૈદ્ય ઘેર આપને રે, મારું નામ ના લેશ,
હું રે ઘાયલ હરિ નામની રે, માઈ કેડો લઈ ઓષધના દેશ રે.

અધરસુધા રસગાગરી રે, અધરરસ ગોરસ લેશ,
બાઈ મીરાં કે પ્રભુ ગિરધર નાગર, ફરીને અમીરસ પીવેશ રે.

**- મીરાંબાઈ**

# પ્રભુજી મન માને જબ તાર

પ્રભુજી મન માને જબ તાર.

નદિયાં ગહિરે નાવ પુરાને,
અબ કૈસે ઊતરું પાર ? ... પ્રભુજી મન માને.

વેદ પુરાનાં સબ કુછ દેખે,
અંત ન લાગે પાર ... પ્રભુજી મન માને.

મીરાં કે પ્રભુ ગિરધર નાગર,
નામ નિરંતર સાર ... પ્રભુજી મન માને.

**- મીરાંબાઈ**

# પ્રાણજીવન પ્રભુ મારા

તમે અબોલા શીદ લ્યો છો રાજ, પ્રાણજીવન પ્રભુ મારા?
અમને દુઃખડાં શીદ દ્યો છો રાજ, પ્રાણજીવન પ્રભુ મારા?

તમે અમારા, અમે તમારા,
ટાળી શું દ્યો છો રાજ? … પ્રાણજીવન.

ઊંડે કૂવે ઊતર્યા છે વહાલા,
છેહ આમ શું દ્યો છો રાજ? … પ્રાણજીવન.

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
હૃદયકમલમાં રહો છો રાજ … પ્રાણજીવન.

**- મીરાંબાઈ**

# પ્રેમ થકી અમને પ્રભુજી મળ્યા

નિત્ય નિત્ય ભજીએ તારું નામ, તારું નામ,
પ્રેમ થકી અમને પ્રભુજી મળ્યા હો જી.

આણી તીરે ગંગા વ્હાલા! પેલી તીરે જમના,
વચમાં ગોકુળિયું રૂડું ગામ રે … પ્રેમ થકી.

વૃંદા તે વનના ચોકે રાસ રચ્યો છે, વ્હાલા!
સોળસે ગોપીમાં ઘેલો કાન રે … પ્રેમ થકી.

અન્ન ન ભાવે, નયણે નિંદ્રા ન આવે, વહાલા!
સે’જે પધારો સુંદરશ્યામ રે … પ્રેમ થકી.

બાઈ મીરાં કે પ્રભુ! ગિરિધરના ગુણ વહાલા!
છેલ્લી ઘડીના રામોરામ રે … પ્રેમ થકી.

**- મીરાંબાઈ**

# પ્રેમની, પ્રેમની, પ્રેમની રે

પ્રેમની, પ્રેમની, પ્રેમની રે;
મુને લાગી કટારી પ્રેમની રે ... ટેક

જળ જમુનાનાં ભરવા ગયા'તાં;
હતી ગાગર માથે હેમની રે... મને લાગી કટારી

કાચે તે તાંતણે હરિજીએ બાંધી;
જેમ ખેંચે તેમ તેમની રે... મુને લાગી કટારી

બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર;
શામળી સૂરત શુભ એમની રે... મુને લાગી કટારી

- **મીરાંબાઈ**

# ફાગુન કે દિન ચાર

ફાગુન કે દિન ચાર હોલી ખેલ મના રે

બિન કરતાલ પખાવજ બાજૈ
અનહદકી ઝનકાર રે

બિન સુર રાગ છતીસૂં ગાવૈ
રોમ રોમ રણકાર રે … ફાગુન કે દિન

શીલ સંતોષ કી કેસર ઘોલી
પ્રેમ પ્રીત પિચકાર રે,

ઉડત ગુલાલ લાલ ભયો અંબર,
બરસત રંગ અપાર રે … ફાગુન કે દિન

ઘટકે સબ પટ ખોલ દિયે હૈં
લોકલાજ સબ ડાર રે,

મીરાં કે પ્રભુ ગિરધર નાગર
ચરણકમલ બલિહાર રે … ફાગુન કે દિન

- **મીરાંબાઈ**

# બંસીવાલા આજો મોરે દેશ

બંસીવાલા આજો મોરે દેશ.

આજો મોરે દેશ, હો બંસીવાલા આજો મોરે દેશ;
તોરી શામળી સૂરત હદ વેશ ... બંસીવાલા આજો.

આવન આવન કેહ ગયો, કર ગયો કોલ અનેક;
ગણતાં ગણતાં ઘસ ગઈ જીભા, હારી આંગળીઓની રેખ ... બંસીવાલે આજો

એક બન ઢૂંઢી, સકલ બન ઢૂંઢી, ઢૂંઢો સારો દેશ;
તોરે કારણ જોગન હોઉંગી, કરુંગી ભગવો વેશ ... બંસીવાલે આજો

કાગદ નાહિ મારે સ્યાહિ નાહિ, કલમ નહિ લવલેશ;
પંખીનું પરમેશ નહિ, કિન સંગ લખું સંદેશ ? ... બંસીવાલે આજો

મોર મુગુટ શિર છત્ર બિરાજે, ઘુંઘરવાળા કેશ;
મીરાં કે પ્રભુ ગિરધરના ગુણ, આવોની એણે વેશ ... બંસીવાલે આજો

**- મીરાંબાઈ**

# બંસીવાલા આજો મ્હારે દેશ

બંસીવાલા આજો મ્હારે દેશ,
ત્હારી સાંવરી સૂરત વ્હાલો વેશ.

આઉં-આઉં કર ગયા સાંવરા, કર ગયા કોલ અનેક,
ગિનત-ગિનત ઘસ ગઈ, મ્હારી આંગળિયાંરી રેખ.

મૈં બૈરાગન આદિકી જી થાંરે, મ્હારે કદકો સનેસ,
બિન પાણી, બિન સાબુન, સાંવરા હોઈ ગઈ ધોઈ સફેદ.

જોગણ હોઈ જંગલ સબ હેરું, તેરા નામ ન પાયા ભેસ.
તેરી સૂરત કે કારણે, મ્હેં ધર લિયા ભગવા વેશ.

મોર-મગુટ પીતાંબર સોહૈ, ઘૂંઘરવાળા કેશ,
મીરાં કે પ્રભુ ગિરિધર મિલિયાં, દૂનો બઢૈ સનેસ.

**- મીરાંબાઈ**

# બંસીવાલે સાંવરિયા, તૂ આ જા

બંસીવાલે સાંવરિયા, તૂ આ જા રે.

બિન દેખે નહીં ચેન પડત હૈ,
ચંદ્રસા મુખડા દિખા જા રે … બંસીવાલે.

દહીં માખન ઘર મેં બહુ મેરે,
દિલ ચાહે સોઈ ખા જા રે … બંસીવાલે

મોર મુકુટ પીતાંબર સોહે,
મુરલી કી ટેર સુના જા રે … બંસીવાલે.

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
મોહની મૂરત દિખા જા રે … બંસીવાલે.

**- મીરાંબાઈ**

# બરસે બદરિયા સાવન કી

બરસે બદરિયા સાવન કી,
સાવન કી મનભાવન કી.

સાવન મેં ઉમગ્યો મેરો મનવા,
ભનક સુની હરિ આવન કી.
ઉમડઘુમડ ચહું દિસિસે આયો,
દામણ દમકે ઝર લાવન કી ... બરસે બદરિયા

નાની નાની બૂંદન મેહ્રા બરસે,
શીતલ પવન સોહ્રાવન કી,
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
આનંદ મંગલ ગાવન કી ... બરસે બદરિયા

- **મીરાંબાઈ**

# બસો મોરે નૈનનમેં નંદલાલ

બસો મોરે નૈનનમેં નંદલાલ.

મોહની મૂરત સાંવરી સૂરત
નૈણા બને બિસાલ,

અધર સુધારસ મુરલી રાજત
ઉર વૈજંતી-માલ … બસો મોરે.

છુદ્ર ઘંટિકા કટિ તટ શોભિત
નૂપુર સબદ રસાલ,

મીરાં પ્રભુ સંતન સુખદાયી
ભક્તવત્સલ ગોપાલ … બસો મોરે.

**- મીરાંબાઈ**

# બાંહ ગ્રહે કી લાજ

અબ તો નિભાયાં પડેગા,
બાંહ ગ્રહે કી લાજ.
સમરથ શરણ તુમ્હારી સૈયાં,
સરબ સુધારણ કાજ.

ભવસાગર સંસાર અપરબલ,
જામેં તુમ હો જહાજ!
નિરધારાં આધાર જગત-ગુરુ,
તુમ બિન હોય અકાજ … બાંહ ગ્રહે

જુગજુગ ભીર હરી ભગતન કી,
દીની મોક્ષ સમાજ,
મીરાં શરણ ગ્રહી ચરણન કી,
લાજ રખો મતરાજ … બાંહ ગ્રહે

**- મીરાંબાઈ**

# બાલ મેં વૈરાગણ હૂંગી

બાલ મેં વૈરાગણ હૂંગી.
જિન ભેષા મ્હારો સાહિબ રીઝે, સો હી ભેષ ધરુંગી.

શીલ સંતોષ ધરું ઘટ ભીતર, સમતાં પકડ રહૂંગી,
જાકો નામ નિરંજન કહિયે, તાકો ધ્યાન ધરુંગી.

ગુરુ કે ગ્યાન રંગૂં તન કપડાં, મન મુદ્રા પહેરુંગી,
પ્રેમ-પ્રીતસૂ હરિગુણ ગાઉં, ચરણન લિપટ રહૂંગી.

યા તનકી મૈં કરું કીગરી, રસના નામ કહૂંગી,
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, સાધૂ સંગ રહૂંગી.

**- મીરાંબાઈ**

# બોલ મા બોલ મા

બોલ મા, બોલ મા, બોલ મા રે,
રાધા કૃષ્ણ વિના બીજું બોલ મા … રાધા

સાકર શેલડીનો સ્વાદ તજીને,
કડવો તે લીમડો ઘોળ મા રે … રાધા

ચાંદા સૂરજનું તેજ તજીને,
આગિયા સંગાથે પ્રીત જોડ મા રે … રાધા

હીરા રે માણેક ઝવેર તજીને,
કથીર સંગાથે મણિ તોલ મા રે … રાધા

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
શરીર આપ્યું સમતોલમાં રે … રાધા

- **મીરાંબાઈ**

# બોલે ઝીણાં મોર

બોલે ઝીણા મોર, બોલે ઝીણાં મોર
રાધે! તારા ડુંગરિયા પર બોલે ઝીણા મોર.

મોર હી બોલે, બપૈયા હી બોલે,
કોયલ કરત કલશોર … રાધે! તારા ડુંગરિયા પર

કાલી બદરિયા મેં વીજળી ચમકે,
મેઘ હુઆ ઘનઘોર … રાધે! તારા ડુંગરિયા પર

ઝરમર ઝરમર મેહુલો વરસે,
ભીંજે મારા સાળુડાની કોર … રાધે! તારા ડુંગરિયા પર

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
તું તો મારા ચિત્તડાનો ચોર … રાધે! તારા ડુંગરિયા પર

**- મીરાંબાઈ**

# ભજ લે રે મન ગોવિંદ ગુણા

ભજ લે રે મન ગોવિંદ ગુણા.
ગોવિંદ ગુણા, ગોપાલ ગુણા, ભજ લે રે મન ગોવિંદ ગુણા

અધમ તરે અધિકાર ભજન સો, જોઈ આયે હરિશરણા,
ના વિશ્વાસ તો સાક્ષી બતાઉં, અજામીલ ગણિકા સદના ... ભજ લે રે મન.

જો કૃપાળુ તન, મન, ધન દીન્હો, નયન-નાસિકા-મુખ-રસના,
જાકો રચત માસ દશ લાગે, તાહિ ન સુમિરો એક ક્ષણા ... ભજ લે રે મન.

બાલપન સબ ખેલ ગંવાયો, તરુણ ભયા તબ રૂપધના,
વૃદ્ધ ભયો તબ આલસ ઊપજ્યો, માયા મોહ ભયો મગના ... ભજ લે રે મન.

ગજ અરુ ગીધ તરે ભજનોં સે, કોઈ તર્યો નહિ ભજન બિના
ધના ભગત પીપામુનિ શબરી, મીરાં કી કર તામે ગણના ... ભજ લે રે મન.

**- મીરાંબાઈ**

# મત જા મત જા મત જા જોગી

મત જા, મત જા મત જા
ઓ જોગી, પાંવ પડૂં મૈં તોરી ... જોગી મત જા

પ્રેમભક્તિ કો પંથ હી ન્યારો
હમ કો જ્ઞાન બતા જા
ચંદન કી મૈં ચિતા રચાઉં
અપને હાથ જલા જા ... જોગી મત જા

જલ જલ ભયી ભસ્મ કી ઢેરી,
અપને અંગ લગા જા,
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
જ્યોત મેં જ્યોત મિલા જા ... જોગી મત જા

**- મીરાંબાઈ**

# મન ભજી લે મોહન પ્યારાને

મન ભજી લે મોહન પ્યારાને,
પ્યારાને મોરલીવાળાને ... મન ભજી લે.

સાત સમંદર તરી તરી આવ્યો,
ડૂબી મર મત આરા મેં. ... મન ભજી લે.

મનુષા દેહ મળેલો છૂટવા,
શું ભૂલ્યો ભમે ઘરબારામેં ? ... મન ભજી લે.

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
હરિ ભજી લે યે વારામેં. ... મન ભજી લે.

**- મીરાંબાઈ**

# મનડું વિંધાણું રાણા

મનડું વિંધાણું રાણા, મનડું વિંધાણું;
ચિત્તડું ચોરાણું રાણા, શું રે કરું ?
વિષ પીધે રાણા ના રે મરું...મારું મનડું વિંધાણું.

નિંદા કરે છે મારી નગરીના લોક રાણા;
તારી શીખામણ હવે મારે મન ફોક રાણા;
ચિત્તડું ચોરાણું રાણા, શું રે કરું ?
વિષ પીધે રાણા ના રે મરું ... મારું મનડું વિંધાણું

ભરી બજારમાંથી હાથી હાલ્યો જાયે રાણા;
શ્વાન ભસે છે તેમાં હાથીને શું થાયે રાણા;
ચિત્તડું ચોરાણું રાણા, શું રે કરું ?
વિષ પીધે રાણા ના રે મરું ... મારું મનડું વિંધાણું

ભૂલી રે ભૂલી હું તો ઘરના રે કામ રાણા;
ભોજન ના ભાવે નૈણે નિંદ હરામ રાણા;
ચિત્તડું ચોરાણું રાણા, શું રે કરું ?
વિષ પીધે રાણા ના રે મરું ... મારું મનડું વિંધાણું

બાઇ મીરાં કહે પ્રભુ ગિરીધરના ગુણ વ્હાલા;
પ્રભુ ને ભજીને હું તો થઇ ગઇ ન્યાલ રાણા;
ચિત્તડું ચોરાણું રાણા, શું રે કરું ?
વિષ પીધે રાણા ના રે મરું ...મારું મનડું વિંધાણું

**- મીરાંબાઈ**

# મનવા રામનામ રસ પીજૈ

રામનામ રસ પીજૈ,
મનવા, રામનામ રસ પીજૈ.

તજ કુસંગ સતસંગ બૈઠ નિત,
હરિચરચા સુનિ લીજૈ ... મનવા.

કામ ક્રોધ મદ લોભ મોહકૂં,
બહા ચિત્તસે દીજૈ ... મનવા.

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
તાહિકે રંગમેં ભીંજૈ ... મનવા.

**- મીરાંબાઈ**

# મને કૃષ્ણ કનૈયાની મોરલી ગમે

મને કૃષ્ણ કનૈયાની મોરલી ગમે,
મને જશોદાના લાલની મોરલી ગમે.
મને કૃષ્ણ કનૈયાની …

રાત-દિવસ મારા મનમાં વસી,
રાત-દિવસ મારા દિલમાં વસી,
મને કૃષ્ણ કનૈયાની …

વા’લા વનમાં તેં મોરલી વગાડી હતી,
તમે સુતી ગોપીને જગાડી હતી,
મને કૃષ્ણ કનૈયાની …

વા’લા મોરલીમાં આવું શું જાદુ કર્યું,
તમે સારું ગોકુળીયું ઘેલું કર્યું,
મને કૃષ્ણ કનૈયાની …

મીરાં મસ્ત બની છે સાધુ-સંતમાં રે,
એ તો વહી ગઈ રણછોડજીનાં અંગમાં રે,
મને કૃષ્ણ કનૈયાની …

- **મીરાંબાઈ**

# મરી જાવું માયાને મેલી

મરી જાવું માયાને મેલી રે,
મરી જાવું માયાને મેલી.

કોઈ બનાવે બાગબગીચા,
કોઈ બનાવે હવેલી,
ધાઈ-ધૂતી ધન ભેળું કરે કોઈ,
પાંચ-પચ્ચીસની થેલી રે … મરી જાવું.

કેસરવર્ણી કાય સુંદર,
માંહી ઊગી વિષવેલી,
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
પાળ બાંધ પાણી પહેલી રે … મરી જાવું.

- **મીરાંબાઈ**

# મળ્યો જટાધારી જોગેશ્વર

મળ્યો જટાધારી જોગેશ્વર બાવો,
મળ્યો રે જટાધારી બાવો.

હાથમાં ઝારી, હું તો બાળકુંવારી વા’લા,
દેવળ પૂજવા ચાલી … મળ્યો રે જટાધારી.

સાડી ફાડી મેં કફની કીધી વા’લા,
અંગ પર ભભૂતિ લગાડી … મળ્યો રે જટાધારી.

આસન વાળી બાવો મઢીમાં બેઠો વા’લા,
ઘેર ઘેર અલખ લગાડી … મળ્યો રે જટાધારી.

મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ વા’લા,
પ્રેમની કટારી મુંને મારી … મળ્યો રે જટાધારી.

**- મીરાંબાઈ**

# માઈ મોરે નયન બસે રઘુબીર

માઈ મોરે નયન બસે રઘુબીર.

કર સર ચાપ કુસુમ સર લોચન,
ઠાડે મયે મન ધીર ... માઈ મોરે.

લલિત લવંગ લતા નાગર લીલા,
જબ પેખો તબ રણબીર ... માઈ મોરે.

મીરાં કે પ્રભુ ગિરધર નાગર,
બરસત કાંચન નીર ... માઈ મોરે.

**- મીરાંબાઈ**

# માઈ, મને મળિયા મિત્ર ગોપાલ

માઈ, મને મળિયા મિત્ર ગોપાલ, નહીં જાઉં સાસરે.

સંસાર મારું સાસરું ને મહિયેર વૈકુંઠ વાસ,
લખચોરાસી ફેરા હતો તે, મૂક્યો મેં મોહન પાસ ... નહીં જાઉં.

સાસુ મારી સુકૃત કહીએ, સસરો પ્રેમ સુજાણ,
નાવલિયો અવિનાશી વિશ્વંભર, પામી હું જીવનપ્રાણ. ... નહીં જાઉં.

સાથી અમારા સંત સાધુ, સાધન ધીરજ ધ્યાન,
કર જોડી મીરાં વીનવે, હવે પામું ન ગર્ભાધાન. ... નહીં જાઉં.

**- મીરાંબાઈ**

# મારાં ભાગ્ય ફળ્યાં રે

આજ મારે સાધુજનોનો સંગ રે રાણા,
મારાં ભાગ્ય ફળ્યાં રે આજ ... (ટેક)

સાધુજનોનો સંગ જો કરીએ પિયાજી,
ચડે તે ચોગણો રંગ રે ... મારાં ભાગ્ય ફળ્યાં.

સાકુટ જનનો સંગ ન કરીએ પિયાજી
એ તો પાડે ભજનમાં ભંગ રે ... મારાં ભાગ્ય ફળ્યાં.

અડસઠ તીરથ સંતોને ચરણે પિયાજી,
કોટિ કાશી ને કોટિ ગંગ રે ... મારાં ભાગ્ય ફળ્યાં.

નિંદા કરશે તે તો નર્કમાં જાશે પિયાજી,
થાશે આંધળાં અપંગ રે ... મારાં ભાગ્ય ફળ્યાં.

મીરાં કહે ગિરિધરના ગુણ ગાયો પિયાજી,
સંતોની રજમાં શિર સંગ રે ... મારાં ભાગ્ય ફળ્યાં.

**- મીરાંબાઈ**

# મારી વાડીના ભમરા

મારી વાડીના ભમરા, વાડી મારી વેડીશ મા,
વાડી વેડીશ મા, ફૂલડાં તોડીશ મા.

મારી વાડીમાં, વહ્રાલા પવનપાંદડીઓ,
ધીરજ ધરજે, મન! તું દોડીશ મા.

મારી વાડીમાં વહ્રાલા, ચંપો ને મરવો,
વાસ લેજે તું, ફૂલ તોડીશ મા.

મારી વાડીમાં વહ્રાલા, આંબો રે મોર્યો,
પાકા લેજે, કાચા તોડીશ મા.

મારી વાડીમાં વહ્રાલા, ત્રિકમ ટોયો,
ગોફણ લેજે, ગોળો છોડીશ મા.

બાઈ મીરાં કહે, પ્રભુ ગિરિધર નાગર,
ચરણકમલ ચિત્ત છોડીશ મા.

**- મીરાંબાઈ**

# મારે જાવું હરિ મળવાને

માછીડા હોડી હંકાર, મારે જાવું હરિ મળવાને,
હરિ મળવાને, પ્રભુ મળવાને … માછીડા હોડી હંકાર.

તારી હોડીને હીરલે જડાવું, ફરતી મુકાવું ઘૂઘરમાળ,
સોનૈયા આપું, રૂપૈયા આપું, આપું હૈયા કેરો હાર … મારે જાવું.

આણી તીર ગંગા ને પેલી તીર જમના, વચમાં વસે નંદલાલ,
કાલંદીને રે તીરે ધેનુ ચરાવે, વ્હાલો બની ગોવાળ … મારે જાવું.

વૃંદાવનની કુંજગલીનમાં, ગોપી સંગ રાસ રમનાર,
બાઈ મીરાં કહે ગિરિધર નાગર, કૃષ્ણ ઉતારો પેલે પાર … મારે જાવું.

**- મીરાંબાઈ**

# મારે વર તો ગિરિધરને વરવું છે

મારે વર તો ગિરિધરને વરવું છે,
હાં રે બીજાને મારે શું કરવું છે? રે … મારે વર તો.

નંદના કુંવર સાથે નેડલો બંધાણો રે,
હાં રે મારે ધ્યાન ધણીનું ધરવું છે રે … મારે વર તો.

અવર પુરુષની મારે આશ ન કરવી રે,
હાં રે મારે છેડલો ઝાલીને ફરવું છે રે … મારે વર તો.

સંસારસાગર મોહજાળ ભરિયો રે,
હાં રે મારે તારે ભરોસેં તરવું છે રે … મારે વર તો.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર!
હાં રે મારે રાસમંડળમાં રમવું છે રે … મારે વર તો.

**- મીરાંબાઈ**

# માર્યા રે મોહનાં બાણ

માર્યા રે મોહનાં બાણ, ધુતારે
મને માર્યા મોહના બાણ.

ધ્રુવને માર્યા, પ્રહલાદને માર્યા,
તે ઠરી ના બેઠા ઠામ;
શુકદેવને ગર્ભવાસમાં માર્યા,
તે ચારે યુગમાં પરમાણ ... માર્યા રે મોહનાં.

હિરણ્યકશ્યપ મારી વા’લે ઉગાર્યો પ્રહલાદ
દૈત્યનો ફેડ્યો છે ઠામ;
સાયર પાજ બાંધી વા’લે સેના ઉતારી,
રાવણ હણ્યો એક બાણ ... માર્યા રે મોહનાં.

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
અમને પાર ઉતારો શ્યામ ... માર્યા રે મોહનાં.

**- મીરાંબાઈ**

# મુંને લહેર રે લાગી

મુંને લહેર રે લાગી હરિના નામની રે,
હું તો ટળી રે સંસારીયાના કામની રે ... મુંને.

ચોટ લાગી તે ટાળી કદી નહીં ટળે રે,
ભલે કોટિ પ્રયત્ન દુર્જન કરે રે ... મુંને.

હું તો બાવરી ફરું છું મારા હ્રદયમાં રે,
મારી સૂરતી શામળિયાના પદમાં રે ... મુંને

મહામંત્ર સુણાવ્યો મારા કાનમાં રે,
હું તો સમજી મોહનજીને સાનમાં રે ... મુંને

મીરાંબાઈને ગુરુજી મળ્યા વાટમાં રે,
એણે છોડી દીધેલ રાજ પાટના રે ... મુંને

**- મીરાંબાઈ**

# મુખડાની માયા લાગી રે

મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા

મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું
મન મારું રહ્યું ન્યારું રે ... મોહન પ્યારા

સંસારીનું સુખ એવું ઝાંઝવાના નીર જેવું,
તેને તુચ્છ કરી ફરીએ રે ... મોહન પ્યારા

મીરાંબાઇ બલિહારિ, આશા મને એક તારી,
હવે હું તો બડભાગી રે ... મોહન પ્યારા

**- મીરાંબાઈ**

# મુજ અબળાને મોટી મિરાત

મુજ અબળાને મોટી મિરાત બાઈ;
શામળો ઘરેણું મારું સાચું રે.

વાળી ઘડાવું વિઠ્ઠલવર કેરી;
હાર હરિનો મારે હૈયે રે.

ચિત્તમાળા ચતુરભૂજ ચૂડલો;
શીદ સોની ઘેર જઈએ રે.

ઝાંઝરિયાં જગજીવન કેરાં;
કૃષ્ણજી કલ્લાં ને રાંબી રે.

વિંછુવા ઘૂઘરા રામ નારાયણના;
અણવટ અંતરજામી રે.

પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી;
ત્રિકમ નામનું તાળું રે.

કૂંચી કરાવું કરુણાનંદ કેરી;
તેમાં ઘરેણું મારું ઘાલું રે.

સાસરવાસો સજીને બેઠી;
હવે નથી કંઈ કાચું રે.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર;
હરિને ચરણે જાચું રે.

- **મીરાંબાઈ**

# મુરલીયાં બાજે જમુના તીર

મુરલીયાં બાજે જમુના તીર
બાજે જમુના તીર … મુરલીયાં

મુરલીએ મારું મન હરી લીધું
ચિત્ત ધરે નહીં ધીર … મુરલીયાં

શ્યામ કન્હૈયા, શ્યામ કમરીયાં
શ્યામ જમુના નીર … મુરલીયાં

ધૂન મુરલી સુણી સુધબુધ વિસરી,
વિસરી મારું શરીર … મુરલીયાં

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર
ચરણ કમળ પર શિર … મુરલીયાં

**- મીરાંબાઈ**

# મેં તો કાયા કારણ ભેખ લીધા

કાયા કારણ ભેખ લીધા, રાણાજી!
મેં તો કાયા કારણ ભેખ લીધા.

રમતા ને ભમતા જોગી આવ્યા આંગણિયે મારે,
દાસી જાણીને દર્શન દીધાં … રાણાજી.

ગિરિધરલાલ વિના ઘડી ન ગોઠે રાણા!
હરિરસ ઘોળી ઘોળી પીધાં … રાણાજી.

મોહને મોહ કર્યા કારમા અતિશે, રાણા,
કંથા પહેરીને નેડા કીધા … રાણાજી.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ વહાલા,
જંગલે જઈને ડેરા દીધા … રાણાજી.

**- મીરાંબાઈ**

# મેં તો છાંડી કુલ કી લાજ

મેં તો છાંડી કુલ કી લાજ,
રંગીલો રાણો કાંઈ કરશે, મહારાજ !

પાંવ મેં બાધૂંગી મૈં ઘૂઘરા, હાથ મેં લૂંગી સિતાર;
હરિ કે ચરનું આગે નાચતી રે, કાંઈ રીઝેગો કિરતાર. ... મૈં તો છાંડી.

ઝેર કો પ્યાલો રાણાજી ભેજ્યો, ધરિયો મીરાંબાઈ હાથ;
કરી ચરણામૃત પી ગઈ રે, શ્રી ઠાકુર કો પરસાદ ... મૈં તો છાંડી.

રાણાજીએ રીસ કરી ભેજ્યો, ઝેરી નાગ અસાર;
પકડ ગલે બિચ ડાલિયો, કાંઈ હોય ગયો ચંદનહાર. ... મૈં તો છાંડી.

મીરાં કે ગિરધારી મિલિયા, જનમ જનમ ભરથાર;
મેં તો દાસી જનમ જનમ કી, કૃષ્ણ કંથ સરદાર. ... મૈં તો છાંડી.

**- મીરાંબાઈ**

# મેં તો હૃદયમાં ઓળખ્યા રામ

મેં તો હૃદયમાં ઓળખ્યા રામ, રાણા ઘરે નહીં રે આવું.

મીરાંબાઈ મહેલમાં રે, હરિ સંતનનો વાસ,
કપટીથી હરિ દૂર વસે, મારા સંતન કેરા પાસ … રાણા.

રાણાજી કાગળ મોકલે રે, દો રાણી મીરાંને હાથ,
સાધુની સંગત છોડી દો, તમે વસો અમારી સાથ … રાણા.

મીરાંબાઈ કાગળ મોકલે રે, દો રાણાજીને હાથ,
રાજપાટ તમે છોડી, રાણાજી, વસો સાધુ સંગાથ … રાણા.

વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાંને હાથ,
અમૃત જાણી મીરાં પી ગયાં, જેને સહાય શ્રીવિશ્વનો નાથ … રાણા.

સાંઢણીવાળા સાંઢણી શણગારજે રે, જાવું સો સો રે કોશ,
રાણાજીના રાજમાં મારે, જળ પીવાનો દોષ … રાણા.

ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઈ પશ્ચિમની માંહ્ય,
સર્વ છોડી મીરાં નીસર્યાં, જેનું માયામાં મનડું ન ક્યાંય … રાણા.

સાસુ અમારી રે સુષુમણા રે, સસરો પ્રેમ સંતોષ,
જેઠ જગજીવન જગતમાં મારો, નાવલિયો નિર્દોષ … રાણા.

ચૂંદડી ઓઢું ત્યારે રંગ ચૂવે રે, રંગબેરંગી હોય,
ઓઢું હું કાળો કમળો, દૂજો ડાઘ ન લાગે કોય … રાણા.

મીરાં હરિની લાડકી રે, રહેતી સંત હજૂર,
સાધુ સંગાથે સ્નેહ ઘણો, પેલા કપટીથી દિલ દૂર … રાણા.

**- મીરાંબાઈ**

# મેરે તો ગિરિધર ગોપાલ

મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઇ;
દૂસરા ન કોઇ, સાધો, સકલ લોક જોઇ … મેરે તો

ભાઇ છોડ્યા બંધુ છોડ્યા, છોડ્યા સગા સોઇ;
સાધુ સંગ બૈઠ બૈઠ લોક-લાજ ખોઇ … મેરે તો

ભગત દેખ રાજી હુઇ, જગત દેખ રોઇ;
અંસુઅન જલ સિંચ સિંચ પ્રેમ-બેલી બોઇ … મેરે તો

દધિ મથ ઘૃત કાઢિ લિયો, ડાર દઇ છોઇ;
રાણા વિષ કો પ્યાલો ભેજ્યો, પીય મગન હોઇ … મેરે તો

અબ તો બાત ફૈલ પડી, જાણે સબ કોઇ;
મીરાં ઐસી લગન લાગી હોની હો સો હોઇ … મેરે તો

- **મીરાંબાઈ**

# મેરો બેડો લગાજ્યો પાર

પ્રભુજી મૈં અરજ કરું છું
મેરો બેડો લગાજ્યો પાર.

ઈન ભવમેં દુઃખ બહુ પાયો
સંસા – શોક – નિવાર.
અષ્ટ કરમ કી તલબ લગી હૈ
દૂર કરો દુઃખ-ભાર ... મેરો બેડો.

યોં સંસાર સબ બહ્યો જાત હૈ
લખ ચૌરાસી રી ધાર.
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર
આવાગમન નિવાર ... મેરો બેડો.

- **મીરાંબાઈ**

# મૈંને ગોવિંદ લીન્હો મોલ

માઈ, મૈંને ગોવિંદ લીન્હો મોલ.

કોઈ કહે હલકા કોઈ કહે ભારે,
લિયા તરાજુ તોલ,
કોઈ કહે સસ્તા, કોઈ કહે મહેંગા,
કોઈ કહે અનમોલ. ... માઈ મૈંને.

સુર નર મુનિ જાકો પાર ન પાવૈ
ઢક દિયા પ્રેમ પટોલ
વૃંદાવન કી કુંજગલીન મેં,
લીન્હો બજાકે ઢોલ. ... માઈ મૈંને.

ઝહર પિયાલા રાણાજી ભેજ્યાં
પિયા મૈં અમૃત ઘોલ
મીરાં કે પ્રભુ દર્શન દીજ્યો,
પૂરવ જનમ કા કોલ. ... માઈ મૈંને.

**- મીરાંબાઈ**

# મોહન લાગત પ્યારા

મોહન લાગત પ્યારા રાણાજી, મોહન લાગત પ્યારા.

જિનકી કલા સે હાલત ચાલત, બોલત પ્રાણ આધારા,
નેન કી કલા મેં સબ જુગ ભૂલ્યો, યે હી પુરુષ હય ન્યારા … રાણાજી.

તુમ ભી જૂઠે, હમ ભી જૂઠે, જૂઠા હૈ સબ સંસારા,
સ્ત્રી પુરુષ કે સંબંધ જૂઠે, તો ફૂટ્યા હૈયા તુમારા … રાણાજી.

તુમ હી કહો અરધંગા હમારી, હમકું લગાયો કારા,
કોટિ બ્રહ્માંડ મે વ્યાપી રહ્યો હય, સો નિજ વર હમારા … રાણાજી.

પીળુ પીતાંબર મોતિન કી માળા, લેઈ અંગન મેં જલાયા,
છાપ તિલક તુલસી કી માલા, સાધુ સંગ નિસ્તારા … રાણાજી.

મીરાંબાઈ કહે પ્રભુ ગિરિધર નાગર, શરણ બિરદ સંભારા,
હરિ ભજન બિના જે દિન ખોયે, ધિક્ મનુષા જનમારા … રાણાજી.

**- મીરાંબાઈ**

# મોહે લાગી લટક ગુરુ ચરનનકી

મોહે લાગી લટક ગુરુ ચરનનકી.

ચરન બિના મુઝે કછુ નહિ ભાવે,
જૂઠ માયા સબ સપનનકી … મોહે લાગી

ભવસાગર સબ સૂખ ગયા હે,
ફિકર નહીં મુખે તરનનકી … મોહે લાગી

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
ઉલટ ભઇ મોરે નયનનકી … મોહે લાગી

**- મીરાંબાઈ**

# યદુવર લાગત હૈ મોહે પ્યારો

યદુવર લાગત હૈ મોહે પ્યારો.

મથુરા મેં હરિ જનમ લિયો હૈ, ગોકુલ મેં પગ ધારો,
જન્મત હિ પૂતના ગતિ દીન્હી, અધમ ઉદ્ધારણ હારો ... યદુવર.

યમુના કે તીર ધેનુ ચરાવે, ઓઢે કામળો કાળો.
સુંદર વન કમલદલ લોચન, પીતાંબર પટવારો ... યદુવર.

મોર મુકુટ મકરાકૃત કુંડલ, કર મેં મુરલી ધારો,
શંખ ચક્ર ગદા પદ્મ બિરાજૈ, સંતન કે રખવારો ... યદુવર.

જલ બૂડત ગજ રાખિ લિયો હૈ, કર પર ગિરિવર ધારો,
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર! જીવન પ્રાણ હમારો ... યદુવર.

**- મીરાંબાઈ**

# યમુનામેં કૂદ પડ્યો કનૈયો

યમુનામેં કૂદ પડ્યો, કનૈયો
તેરો યમુના મેં કૂદ પડ્યો ... કનૈયો

પેસી પૈયારે કાલિનાગ નાથ્યો,
ફન પર નિરત કર્યો ... કનૈયો.

નંદબાવા ઘર નોબત બાજે,
કંસરાય દેડકે ડર્યો ... કનૈયો.

માત યશોદા રુદન કરત હૈ,
નૈનો મેં નીર ઝર્યો ... કનૈયો.

ટચલી આંગળીએ ગોવર્ધન તોર્યો,
ઈન્દ્ર નો માન હર્યો ... કનૈયો.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
મથુરા મેં વાસ કર્યો ... કનૈયો.

**- મીરાંબાઈ**

# રાણાજી, તૈં ઝહર દિયો મૈં જાની

રાણાજી, તૈં ઝહર દિયો મૈં જાની.

જબ લગ કંચન કસિયે નાહી,
હોત ના બારા પાની;
લોકલાજ કુલ કાન જગતકી,
બહાય દીની જૈસે પાની. ... રાણાજી.

અપને ઘરકા પરદા કર લે,
મૈં અબલા બૌરાની;
તરકસ તીર લગ્યો મેરે હિયરે,
ગરક ગયો સનકાની ... રાણાજી.

મીરાં પ્રભુ કે આગે નાચી,
ચરણકમલ લપટાની ... રાણાજી.

**- મીરાંબાઈ**

# રાણાજી, મૈં તો ગોવિંદ કે ગુણ ગાશું

રાણાજી, મૈં તો ગોવિંદ કે ગુણ ગાશું.

રાજા રુઠે નગરી રાખે,
હરિ રુઠ્યાં કહાં જાશું .... રાણાજી

હરિમંદિર મેં નિરત કરાશું,
ઘૂઘરિયાં ઘમકાશું .... રાણાજી.

રામ-નામકા જાપ ચલાશું,
ભવસાગર તર જાશું ... રાણાજી.

યહ સંસાર બાડ કા કાંટા,
જ્યાં સંગત નહીં જાશું ... રાણાજી.

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
નિત ઉઠ દરશન પાસું .... રાણાજી.

**- મીરાંબાઈ**

# રામ છે રામ છે

રામ છે રામ છે રામ છે રે,
મારા હ્રદયમાં વા’લો રામ છે!

આ રે મંદિરે મારી સાસુ ને સસરો,
સામે મંદિરિયે શ્યામ છે રે … મારા.

સાસુ જૂઠી ને મારી નણદી હઠીલી,
ન્હાનો દિયરિયો નકામ છે રે … મારા.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
વચમાં ગોકુળિયું ગામ છે રે … મારા.

**- મીરાંબાઈ**

# રામ રમકડું જડિયું રે

રામ રમકડું જડિયું રે, રાણાજી;
મને રામ રમકડું જડિયું.

રૂમઝૂમ કરતું મારે મંદિરે પધાર્યું;
નહિ કોઈના હાથે ઘડિયું રે;
મને રામ રમકડું જડિયું.

મોટા મોટા મુનિવર મથી મથી થાક્યા;
કોઈ એક વિરલાને હાથે ચડિયું રે;
મને રામ રમકડું જડિયું.

સૂના શિખરના ઘાટથી ઉપર;
અગમ અગોચર નામ પડિયું રે;
મને રામ રમકડું જડિયું.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર;
મન મારું શામળિયા સંગ જડિયું રે;
મને રામ રમકડું જડિયું.

**- મીરાંબાઈ**

# રામ રાખે તેમ રહીએ

રામ રાખે તેમ રહીએ,
ઓધવજી રામ રાખે તેમ રહીએ..
હે આપણે ચીઠ્ઠીના ચાકર છૈએ,
ઓધવજી રામ રાખે તેમ રહીએ...

કોઇ દિન પહેરણ હિર ને ચીર
તો કોઇ દિન સાદા ફરીએ,
કોઇ દિન ભોજન શિરો ને પૂરી
તો કોઇ દિન ભુખ્યાં રહીએ,
ઓધવજી, રામ રાખે તેમ રહીએ...

કોઇ દિન રહેવાને બાગ-બગીચા
તો કોઇ દિન જંગલ રહીએ,
કોઇ દિન સુવાને ગાદી ને તકીયા
તો કોઇ દિન ભોંય પર સુઇએ,
ઓધવજી, રામ રાખે તેમ રહીએ...

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ
સુખ-દુ:ખ સર્વે સહીએ
હે આપણે ચીઠ્ઠીના ચાકર છૈએ.
ઓધવજી, રામ રાખે તેમ રહીએ...

**- મીરાંબાઈ**

# રામનામ સાકર કટકા

રામનામ સાકર કટકા,
હાંરે મુખ આવે અમીરસ ઘટકા;

હાંરે જેને રામ ભજન પ્રીત થોડી,
તેની જીભલડી લ્યોને તોડી.

હાંરે જેણે રામ તણા ગુણ ગાયા,
તેણે જમ ના માર ન ખાયા;

હાંરે ગુણ ગાય છે મીરાંબાઈ,
તમે હરિચરણે જાઓ ધાઈ.

- **મીરાંબાઈ**

# લજ્જા મોરી રાખો શ્યામ હરિ

રાખો રે શ્યામ હરિ,
લજ્જા મોરી રાખો શ્યામ હરિ.

ભીમ હી બેઠે, અર્જુન હી બેઠે,
તેણે મારી ગરજ ન સરી … લજ્જા.

દુષ્ટ દુર્યોધન ચીરને ખેંચાવે,
સભા બીચ ખડી રે કરી … લજ્જા.

ગરુડ ચડીને ગોવિંદજી રે આવ્યા,
ચીરનાં તો વા'ણ ભરી … લજ્જા.

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ,
ચરણે આવી તો ઊગરી … લજ્જા.

**- મીરાંબાઈ**

# લેને તારી લાકડી

લેને તારી લાકડી રે,
લેને તારી કામલી,
ગાયો ચરાવવા નહિ જાઉં માવલડી … લેને.

માખણ તો બલભદ્રને ખાયો.
હમને પાયો ખાટી હો રે છાશલડી … લેને.

વૃંદાવનને મારગ જાતાં,
પાંવમેં ખૂંચે ઝીણી કાંકલડી … લેને.

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
ચરણકમલ ચિત્ત રાખલડી રે … લેને.

**- મીરાંબાઈ**

# વર તો ગિરિધરવરને વરીએ

વરમાળા ધરી ગિરિધર વરની, છૂટે છેડે ફરીએ રે, રાણાજી!
વર તો ગિરિધરવરને વરીએ રે.

વર તો ગિરિધર વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ!
લાજ કોની ધરીએ, રાણા! કોના મલાજા કરીએ રે? ... રાણાજી! વર.

કાગડાની બુદ્ધિ કાઢી નાખી, માણેક મોતી ચરીએ રે,
સોના રૂપા સઘળાં તજીએ, ધોળાં અંગે ધરીએ રે ... રાણાજી! વર.

ચીરપટોળાં સઘળાં તજીએ, તિલક-તુલસી ધરીએ રે,
શાલિગ્રામની સેવા કરીએ, સંતસમાગમ કરીએ રે ... રાણાજી! વર.

હરતાંફરતાં, સ્મરણ કરીએ, સંતસંગતમાં ફરીએ રે,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમલ ચિત્ત ધરીએ રે ... રાણાજી! વર.

**- મીરાંબાઈ**

# વાટ જુએ છે મીરાં રાંકડી

વાટ જુએ છે મીરાં રાંકડી રે,
ઊભી ઊભી અરજ કરે છે દીનાનાથની.

મુનિવર સ્વામી, મારે મંદિર પધારો રે,
સેવા કરીશ દિન-રાતડી રે…ઊભી.

ફૂલના તે હાર ને ફૂલના ગજરા રે,
ફૂલના તોરા ને ફૂલ-પાંખડી રે…ઊભી.

પચ પકવાન વા'લા, મીઠાઈ ને મેવા રે,
ઘેબર જલેબી તલ-સાંકળી રે..ઊભી.

લવિંગ સોપારી ને પાનનાં બીડલાં રે,
એલચી દોડા ને તજ પાંખડી રે..ઊભી

સાવ સોનાનાં વા'લા, સોગઠાં ઢળાવું રે,
રમવા આવો તો જાય રાતડી રે…ઊભી.

બાઈ મીરાં કે પ્રભુ ગિરધર નાગર,
જોતાં ઠરે છે મારી આંખડી રે..ઊભી.

**- મીરાંબાઈ**

# વૃંદાવન મોરલી વાગે છે

વાગે છે રે વાગે છે,
વૃંદાવન મોરલી વાગે છે … ટેક

તેનો શબ્દ ગગનમાં ગાજે છે
વૃંદાવન મોરલી વાગે છે … વૃંદાવન

વૃંદા તે વનને મારગ જાતાં,
વા’લો દાણ દધિનાં માગે છે. … વૃંદાવન

વૃંદા તે વનમાં રાસ રચ્યો છે,
વા’લો રાસમંડળમાં બિરાજે છે. … વૃંદાવન

પીળાં પીતાંબર જરકસી જામા,
હાથે પીળો પટકો બિરાજે છે. … વૃંદાવન

કાને તે કુંડળ માથે મુગટ ને,
મુખ પર મોરલી બિરાજે છે. … વૃંદાવન

વૃંદા તે વનની કુંજગલીનમાં,
વા’લો થનક થૈ થૈ નાચે છે. … વૃંદાવન

બાઈ મીરાં કે પ્રભુ ગિરધર નાગર,
દર્શનથી દુઃખડાં ભાંગે છે. … વૃંદાવન

**- મીરાંબાઈ**

# શ્યામ મને ચાકર રાખોજી

શ્યામ, મને ચાકર રાખોજી,
ગિરધારી લાલ, ચાકર રાખોજી … ટેક

ચાકર રહસૂં, બાગ લગાસૂં, નિત ઉઠ દરસન પાસૂં;
વૃંદાવનકી કૂંજ ગલિનમેં, ગોવિંદ લીલા ગાસૂં … મને ચાકર

ચાકરી મેં દરસન પાઉં, સુમિરન પાઊં ખરચી;
ભાવ ભગતિ જાગીરી પાઊં, તીનોં બાતા સરસી … મને ચાકર

મોર મુકુટ પીતાંબર સોહે, ગલે બૈજંતી માલા,
વૃંદાવનમેં ધેનું ચરાવે, મોહન મુરલીવાલા … મને ચાકર

ઊંચે ઊંચે મહલ બનાઊં બિચ બિચ રખું બારી,
સાંવરિયાં કે દરસન પાઊં, પહિર કુસુમ્બી સારી … મને ચાકર

જોગી આયા જોગ કરનકૂં, તપ કરને સંન્યાસી;
હરિ-ભજનકૂ સાધુ આયે, વૃંદાવન કે વાસી … મને ચાકર

મીરાં કે પ્રભુ ગહિર ગંભીરા હૃદે રહો જી ધીરા;
આધી રાત પ્રભુ દરસન દીન્હોં, જમુનાજી કે તીરા … મને ચાકર

 - **મીરાંબાઈ**

# શ્યામસુંદર પર વાર

શ્યામસુંદર પર વાર,
જીવડો મૈં વાર ડારુંગી હાં.

તેરે કારણ જોગ ધારણા,
લોકલાજ કુળ ડાર,
તુમ દેખ્યાં બિન કલ ન પડત હૈ,
નૈન ચલત દોઉ બાર ... શ્યામસુંદર પર વાર.

કહા કરું, કિત જાઉ મોરી સજની,
કઠિન બિરહ કી ધાર,
મીરાં કહે પ્રભુ કબ રે મિલોગે?
તુમ ચરણા આધાર ... શ્યામસુંદર પર વાર.

**- મીરાંબાઈ**

# સમુદ્ર સરીખા મારા વીરા

તમે જાણી લ્યો સમુદ્ર સરીખા મારા વીરા રે,
આ દિલ તો ખોલીને દીવો કરો રે હોજી. ... મારા.

આ રે કાયામાં છે વાડીઓ રે હોજી,
માંહે મોર કરે છે ઝીંગોરા રે ... મારા.

આ રે કાયામાં છે સરોવર રે હોજી,
માંહે હંસ તો કરે છે કલ્લોલા રે ... મારા.

આ રે કાયામાં છે હાટડાં રે હોજી,
તમે વણજવેપાર કરોને અપરંપારા રે ... મારા.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરધારના ગુણ હોજી,
દેજો અમને સંતચરણે વાસેરા રે ... મારા.

**- મીરાંબાઈ**

# સાંવરે રંગ રાચી

સાંવરે રંગ રાચી
રાણા, મૈં તો સાંવરે રંગ રાચી.
હરિ કે આગે નાચી,
રાણા, મૈં તો સાંવરે રંગ રાચી.

એક નિરખત હૈ, એક પરખત હૈ,
એક કરત મોરી હાંસી,
ઔર લોગ મારી કાંઈ કરત હૈ,
હૂં તો મારા પ્રભુજીની દાસી … સાંવરે રંગ

રાણો વિષ કો પ્યાલો ભેજ્યો,
હૂં તો હિમ્મત કી કાચી,
મીરાં ચરણ નાગરની દાસી
સાંવરે રંગ રાચી … સાંવરે રંગ

**- મીરાંબાઈ**

# સાધુ તે જનનો સંગ

સાધુ તે જનનો સંગ,
બાઈ મારે ભાગ્યે મળ્યો છે.

મોટા પુરુષનો સંગ,
બાઈ મારે ભાગ્યે મળ્યો છે !
મોટા પુરુષના દર્શન કરતાં,
ચડે છે ચોગમો રંગ ... બાઈ.

અડસઠ તીરથ સંતોને ચરણે,
કોટિ કાશી ને કોટિ ગંગ,
દુરજન લોકોનો સંગ ન કરીયે,
પાડે ભજનમાં ભંગ ... બાઈ.

નિંદાના કરનાર નરકે રે જાશે,
ભોગવશે થઈ ભોરિંગ,
મીરાં કહે બાઈ, સંત ચરણરજ,
ઊડીને લાગ્યો મારે અંગ ... બાઈ.

**- મીરાંબાઈ**

# સુંદરશ્યામ, તજી હો અમને

બલિહારી રસિયા ગિરિધારી,
સુંદરશ્યામ, તજી હો અમને, મથુરાના વાસી ન બનીએજી.

વાંસલડી વાગી એવા ભણકારા વાગે છે,
વ્રજ-વાટ લાગે હવે ખારી ... સુંદરશ્યામ.

જમુનાનો કાંઠો વા’લા, ખાવાને દોડે છે,
અકળાવી દે છે હવે ભારી ... સુંદરશ્યામ.

વૃંદાવન કેરી શોભા તમ વિણ અમને તો,
નજરે દીઠી નવ લાગે સારી ... સુંદરશ્યામ.

ગોવર્ધન તોળ્યો વા’લા, ટચલી આંગળીએ રે,
અમ પર ઢોળ્યો ગિરધારી ... સુંદરશ્યામ.

બાઈ મીરાં કહે છે પ્રભુ, ગિરિધર નાગર,
સહાય કરી લેજો શુદ્ધ મારી ... સુંદરશ્યામ.

**- મીરાંબાઈ**

# સુખ છે તમારા શરણમાં

પ્રભુ વિના બીજે ક્યાંયે સુખ નથી, હો શામળિયાજી
સુખ છે તમારા શરણમાં.

સુખ છે તમારા શરણમાં,
એ મારા ગુરુ એ કહ્યું કરણમાં ... હો શામળિયાજી!

જપતપ તીરથ મારે ચારે પદારથ,
એ સૌ આપના છે ચરણમાં ... હો શામળિયાજી.

પ્રેમ કરીને હ્દયમંદિરે, પધારો - વ્હાલા!
ન જોશો જાત કુળ વરણમાં ... હો શામળિયાજી.

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ વ્હાલા!
આડે આવજો મારા મરણમાં ... હો શામળિયાજી.

**- મીરાંબાઈ**

# સુણ લેજો બિનતી મોરી

સુણ લેજો બિનતી મોરી, મૈં શરણ ગ્રહી પ્રભુ તોરી.

તુમ (તો) પતિત અનેક ઉધારે, ભવસાગર સે તારે,
મૈં સબ કા તો નામ ન જાનૂ, કોઈ કોઈ નામ ઉચારે.

અમ્બરીષ, સુદામા, નામા, તુમ પહુંચાયે નિજ ધામા,
ધ્રુવ જો પાંચ વર્ષ કે બાલક, તુમ દરસ દિયે ધનશ્યામા.

ધના ભક્ત કા ખેત જમાયા, કબીરા કા બૈલ ચરાયા,
શબરી કા જૂઠા ફલ ખાયા, તુમ કાજ કિયે મન ભાયા.

સદના ઔર સેના નાઈ કો, તુમ કીન્હા અપનાઈ,
કરમા કી ખીચડી ખાઈ, તુમ ગણિકા પાર લગાઈ.

મીરાં કે પ્રભુ તુમરે રંગ રાતી, યા જાનત સબ દુનિયાઈ.
સુન લેજો બિનતી મોરી, મૈં શરણ ગ્રહી પ્રભુ તોરી.

**- મીરાંબાઈ**

# સુની મૈં હરિ-આવન કી અવાજ

સુની હો મૈં હરિ-આવન કી અવાજ.

મહલ ચઢ-ચઢ જોઉં મેરી સજની,
કબ આવૈ મહારાજ,
દાદર મોર બપૈયા બોલૈ,
કોયલ મધુરે સાજ ... સુની હો મૈં.

ઊમગ્યો ઈંદ્ર ચહું દિશ બરસૈ,
દામણી છોડી લાજ,
ધરતી રૂપ નવા ધરિયા હૈ,
ઈંદ્ર મિલન કે કાજ ... સુની હો મૈં.

મીરાં કે પ્રભુ હરિ અવિનાશી,
બેગ મિલો સિરરાજ ... સુની હો મૈં.

**- મીરાંબાઈ**

# સ્વામી સબ સંસાર કે

સ્વામી સબ સંસાર કે સાંચે શ્રી ભગવાન.

સ્થાવર જંગમ પાવક પાણી ધરતી બીજ સમાન.
સબમેં મહિમા થાંરી(તારી) દેખી કુદરત કે કરબાન.

વિપ્ર સુદામા કો દાળદ(દારિદ્ર) ખોયો, બાલે કી પહ્ચાન.
દો મુઠ્ઠી તાંદુલ કી ચાબી, દીન્હોં દ્રવ્ય મહાન.

ભારત મેં અર્જુન કે આગે, આપ ભયા રથવાન.
અર્જુન કુળ કા લોગ નિહાર્યા, છૂટ ગયા તીર કમાન.

ના કો મારે ના કોઈ મરતો, તેરો યે અગ્યાન.
ચેતન જીવ તો અજર અમર હૈ, યે ગીતા કા ગ્યાન.

મેરે પર પ્રભુ કિરપા કીજૌ, બાંદી આપણી જાન.
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર ચરણકમલ મેં ધ્યાન.

**- મીરાંબાઈ**

# હરિ ! તુમ હરો જનકી ભીર

હરિ ! તુમ હરો જનકી ભીર … ટેક

દ્રૌપદી કી લાજ રાખી,
તુમ બઢાયો ચીર …. હરિ

ભક્ત કારન રૂપ નરહરિ,
ધર્યો આપ શરીર … હરિ

હરિન કશ્યપ માર લિન્હો,
ધર્યો નાહિન ધીર … હરિ

બૂડતે ગજરાજ રાખ્યો,
કિયો બાહિર નીર … હરિ

દાસ મીરાં લાલ ગિરિધર,
દુઃખ જહાં તહાં પીર … હરિ

- **મીરાંબાઈ**

# હરિ મને પાર ઉતાર

હરિ મને પાર ઉતાર
નમી નમી વિનતી કરું છું.

જગતમાં જન્મીને બહુ દુઃખ દેખ્યાં,
સંસારશોક નિવાર … નમી નમી.

કષ્ટ આપે મને કર્મનાં બંધન,
દૂર તું કર કિરતાર … નમી નમી.

આ સંસાર વહ્યો વહ્યો જાય છે,
લક્ષ ચોરાશી ધાર … નમી નમી.

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
આવાગમન નિવાર … નમી નમી.

**- મીરાંબાઈ**

# હરિ વસે છે હરિના જનમાં

હાં રે હરિ વસે હરિના જનમાં
હાં રે તમે શું કરશો જઈ વનમાં રે? હરિ.

ભેખ ધરીને તમે શીદ ભટકો છો?
પ્રભુ નથી વન કે અરણ્યમાં રે ... હરિ.

કાશી જાઓ ને તમે ગંગાજી ન્હાવો,
પ્રભુ નથી પાણી પવનમાં રે ... હરિ.

જોગ કરો ને ભલે જગન કરાવો,
પ્રભુ નથી હોમ હવનમાં રે ... હરિ.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
હરિ વસે છે હરિના જનમાં રે ... હરિ.

**- મીરાંબાઈ**

# હરિચરણ ચિત્ત દીજોજી

મ્હારી સુધ જ્યૂં જાનો ત્યૂં લીજોજી.

પલ પલ ઊભી પંથ નિહારું,
દરસન મ્હાને દીજોજી.

મૈં તો હૂં બહુ અવગુણવાળી,
અવગુણ ચિત્ત મત્ત લીજ્યોજી.

મૈં તો દાસી ત્હારે ચરણકમલ કી,
મિલ બિછડન મત કીજોજી.

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર
હરિચરણ ચિત્ત દીજોજી.

- **મીરાંબાઈ**

# હરિવર મૂક્યો કેમ જાય?

હરિવર મૂક્યો કેમ જાય? સાહેલી, હવે હરિવર મૂક્યો કેમ જાય?
નંદકુંવર સાથે નેડલો બંધાયો, પ્રાણ ગયે ન છુટાય ... સાહેલી હવે.

ઘેલી કીધી મને ગોકુળના નાથે, મોરલીના શબ્દ સુણાય,
બાલા રે પણથી પ્રીતિ બંધાઈ, હૈયાથી કેમ વિસરાય? ... સાહેલી હવે.

મૈયર તજ્યું ને તજ્યું સાસરિયું, ત્યાગ્યાં છે સર્વ સગાંય,
બાંહ્ય ગ્રહ્યાની લાજ રાખજો દયાળુ, સ્નેહીને દુઃખ ન દેવાય. ... સાહેલી હવે.

આ અવસર હરિ આવી મળો, તો વ્રેહનો અગ્નિ ઓલાય,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, દર્શન દ્યો વ્રજરાય. ... સાહેલી હવે.

- **મીરાંબાઈ**

# હાં રે કોઈ માધવ લ્યો

હાં રે કોઈ માધવ લ્યો, માધવ લ્યો,
વેચંતી વ્રજનારી રે ... હાં રે કોઈ માધવ લ્યો

માધવને મટુકીમાં ઘાલી,
ગોપી લટકે લટકે ચાલી રે,
હાં રે ગોપી ઘેલું શું બોલતી જાય,
મટુકીમાં ન સમાય રે .. હાં રે કોઈ માધવ લ્યો

નવ માનો તો જુઓ ઉતારી,
માંહી જુઓ તો કુંજબિહારી રે,
વૃંદાવનમાં જાતા દહાડી,
વા'લો ગૌ ચારે છે ગિરધારી રે ... હાં રે કોઈ માધવ લ્યો

ગોપી ચાલી વૃંદાવન વાટે,
સૌ વ્રજની ગોપીઓ સાથ રે,
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,
જેનાં ચરણકમલ સુખસાગર રે .. હાં રે કોઈ માધવ લ્યો

**- મીરાંબાઈ**

# હાં રે ચાલો ડાકોર

હાં રે ચાલો ડાકોર જઈ વસિયે,
હાં રે મને લેહ લગાડી રંગરસિયે રે ... ચાલો.

હાં રે પ્રભાતના પહોરમાં નોબત વાજે,
હાં રે અમે દરશન કરવા જઈએ રે ... ચાલો.

હાં રે અટપટી પાઘ કેસરિયો વાઘો,
હાં રે કાને કુંડળ સોઈયે રે ... ચાલો.

હાં રે પીળા પીતાંબર જરકશી જામો,
હાં રે મોતીન માળાથી મોહિયે રે ... ચાલો.

હાં રે ચંદ્રબદન અણિયાલી આંખો,
હાં રે મુખડું સુંદર સોઈયે રે ... ચાલો.

હાં રે રુમઝૂમ રુમઝૂમ નેપૂર બાજે,
હાં રે મન મોહ્યું મારું મોરલીએ રે ... ચાલો.

હાં રે મીરાંબાઈ કહે પ્રભુ ગિરિધર નાગર,
હાં રે અંગોઅંગ જઈ મળિયે રે ... ચાલો.

**- મીરાંબાઈ**

# હીરા માણેકને મારે શું કરવું?

શું કરવું, મારે શું કરવું છે રે?
હીરા માણેકને મારે, શું કરવું?

મોતીની માળા રાણા, શું કરવી છે?
તુલસીની માળા લઈને પ્રભુને ભજવું છે રે … મારે હીરા.

હીરના ચીર રાણા, શું રે કરવા છે?
ભગવી ચીંથરીઓ પ્હેરી મારે ફરવું છે રે … મારે હીરા.

મહેલ ને માળા રાણા, શું રે કરવા છે રે?
જંગલ ઝૂંપડીએ જઈને મારે વસવું છે રે … મારે હીરા.

બાઈ મીરાં કહે પ્રભુ, ગિરધર નાગર,
અમર ચૂડલો લઈને મારે ફરવું છે રે … મારે હીરા.

**- મીરાંબાઈ**

# હું તો ગિરિધરને મન ભાવી

રાણાજી, હું તો ગિરિધરને મન ભાવી.

પૂર્વ જન્મની હું વ્રજતણી ગોપી,
ચૂક થતાં અહીં આવી રે ... રાણાજી હું.

જન્મ લીધો નૃપ જયમલ ઘેરે,
તમ સંગે પરણાવી રે ... રાણાજી હું.

ગિરિધર નામ હું તો ઘડી નવ છોડું,
ઝેર દઈ નાખે મરાવી રે ... રાણાજી હું.

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર !
હરિસંગે લગની લગાવી રે ... રાણાજી હું.

**- મીરાંબાઈ**

# હું તો પરણી પ્રીતમની સંગાથ

હું તો પરણી પ્રીતમની સંગાથ, વહાલમજી.
બીજાનાં મીંઢળ નહીં રે બાંધુ … હું તો પરણી.

ચાર ચાર જુગની ચોતરીઓ ચિતરાવી રે વહાલમજી,
હું તો મંગળ વરતી છું બે ને ચાર … બીજાનાં મીંઢળ.

રાજસી ભોજન જમવાં નથી રે, વહાલમજી,
અમે પ્રેમના ટુકડા માગી ખાશું રે … બીજાનાં મીંઢળ.

મોતીની માળા કામ ન આવે રે વહાલમજી,
અમે તુલસીની માળા પહેરી રહીશું રે … બીજાનાં મીંઢળ.

હીર તણાં ચીર કામ ન આવે રે વહાલમજી,
અમે ભગવા પહેરીને નિત્ય ફરશું રે … બીજાનાં મીંઢળ.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર વહાલા,
હું તો પ્રભુને ભજીને થઈ છું ન્યાલ રે … બીજાનાં મીંઢળ.

**- મીરાંબાઈ**

# હું રોઈ રોઈ અખિયાં રાતી કરું

હું રોઈ રોઈ અખિયાં રાતી કરું,
રાતી કરું, ગીત ગાતી ફરું ... હું રોઈ રોઈ.

અન્ય કોઈ મારી નજરે ન આવે,
વર તો એક ગિરિધારી વરું ... હું રોઈ રોઈ.

સેવા ને સ્મરણ એનું જ નિશદિન,
હ્રદયકમળમાં ધ્યાન ધરું ... હું રોઈ રોઈ.

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
ગંગા-જમનામાં ન્હાતી ફરું ... હું રોઈ રોઈ.

**- મીરાંબાઈ**